અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

09 NOVEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 128 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી શરૂ : 19 ડિસેમ્બર સુધી ચાલશે

4  બ્લિંકીટ અને બિગ બાસ્કેટ જેવી કંપનીઓ એ ગૃહિણીઓનાં માસિક બજેટ વીખી નાખ્યા છે

6  'દીપિકા પાદુકોણની 8 કલાકના શૂટિંગની માંગ વાજબી છે

7  સોનાના ભાવમાં સતત ત્રીજા સપ્તાહે ઘટાડો


**NEWS BRIEF**

## PMએ કાશીથી 4 વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી

### મોદીએ બાળકના ખભા પર હાથ મૂકીને કવિતા સાંભળી, તેનો ઉત્સાહ વધારવા માટે ચપટી વગાડતા રહ્યા

**વારાણસી, તા.08**

PM મોદીએ વારાણસીથી ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. તેમણે કહ્યું, "હવે વિદેશી પ્રવાસીઓ પણ વંદે ભારત જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. વંદે ભારત એ ભારતીયોની, ભારતીયો દ્વારા અને ભારતીયો માટે બનાવેલી ટ્રેન છે. શું આપણે આ પહેલાં કરી શક્યા હોત? આ બધું વિદેશમાં કરવામાં આવતું હતું. હવે આપણે એ કરી રહ્યા છીએ; એ અહીં બનાવવામાં આવી રહી છે.' PMએ 'નમઃ પાર્વતી પતયે'થી પોતાના ભાષણની શરૂઆત કરી. લગભગ 18 મિનિટ આ સંબોધન ચાલ્યું. મોદી ટ્રેનમાં શાળાના વિદ્યાર્થીઓને પણ મળ્યા. તેમણે બાળકો સાથે વાતચીત કરી. વાતચીત દરમિયાન, એક બાળકે મોદીને એક કવિતા સંભળાવી. મોદીએ બાળકના ખભા પર હાથ મુકીને કવિતા સાંભળી. બાળકનો ઉત્સાહ વધારવા માટે મોદી ચપટી વગાડતા રહ્યા હતા. પીએમ દ્વારા ઉદ્ઘાટન કરાયેલી ટ્રેનો વારાણસી અને ખજૂરાહો, ફિરોઝપુર અને દિલ્હી, એર્નાકુલમ તથા બેંગલુરુ, લખનઉ અને સહારનપુર વચ્ચે દોડશે. વારાણસીને આ આઠમી વંદે ભારત ટ્રેન મળી છે. PM મોદીએ કહ્યું, હવે વિદેશી પ્રવાસીઓ પણ વંદે ભારતને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આ યાત્રાઓ ફક્ત દેવતાઓનાં દર્શનનો માર્ગ નથી, પરંતુ ભારતના આત્માને જોડતી એક પવિત્ર પરંપરા છે. શુક્રવારે સાંજે 5 વાગ્યાની આસપાસ પીએમ વારાણસી પહોંચ્યા હતા. તેઓ એરપોર્ટથી બનારસ રેલ એન્જિન ફેક્ટરી (BARECA) ગેસ્ટ હાઉસ સુધી રોડ માર્ગે પહોંચ્યા હતા. લગભગ 27 કિમી લાંબા રૂટ પર વિવિધ સ્થળોએ ભાજપના કાર્યકરોએ પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું.

### સાયન્સમાં ફિઝિક્સ અને કોમર્સમાં ઈકોનોમિક્સના પેપરથી પ્રારંભ

# ધો. 10-12ની બોર્ડ પરીક્ષાઓનું ટાઇમ ટેબલ જાહેર

**અમદાવાદ, તા.08**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-10ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાશે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી યોજાશે. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાશે. વિદ્યાર્થીઓ 7 નવેમ્બર 2025ના બપોરે 12:00 કલાકથી 6 ડિસેમ્બર 2025ની રાત્રે 12:00 કલાક સુધી રેગ્યુલર ફી સાથે બોર્ડની અધિકૃત વેબસાઈટ www.gseb.org પર ફોર્મ ભરી શકશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા 10 દિવસ વહેલા શરૂ થશે. 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે, દરેક પ્રશ્ન પત્રમાં 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટેની શરૂઆતની પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે 10 મિનિટ ફાળવવામાં આવશે અને જવાબ લખવા માટે નિયમ મુજબ 1 કલાકથી 3 કલાક સુધીનો સમય રહેશે. પ્રથમ પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા સેન્ટર પર શરૂ થવાની 30 મિનિટ પહેલાં પહોંચવાનું રહેશે, બાકીના દિવસોએ 20 મિનિટ અગાઉ રહેવાનું રહેશે.



### વિદ્યાર્થીઓ 7 નવેમ્બરથી 6 ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરી શકશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં યોજાનારી ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડ પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તારીખો જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ 7 નવેમ્બર, 2025થી 6 ડિસેમ્બર, 2025 સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. બોર્ડ દ્વારા જણાવાયું છે કે, રેગ્યુલર ફી સાથેના ઓનલાઈન આવેદનપત્રો 7 નવેમ્બર, 2025ના રોજ બપોરે 12:00 કલાકથી 6 ડિસેમ્બર, 2025ના રોજ રાત્રીના 12:00 કલાક સુધી બોર્ડની વેબસાઈટ gseb.org પર ભરી શકાશે.

## કોલેજમાં વિદ્યાર્થીએ પેટ્રોલ છાંટી પોતાને આગ લગાવી

**મુઝફ્ફરનગર, તા.08**

શુક્રવારે બપોરે ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં DAV કોલેજના એક વિદ્યાર્થીએ કેમ્પસમાં પોતાને આગ લગાવી દીધી. ફી ન ભરવાને કારણે પ્રિન્સિપાલે તેને પરીક્ષા આપવાથી રોકી દીધો હતો. તેને તેનું પરીક્ષા ફોર્મ પણ સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. એવો આરોપ છે કે અન્ય વિદ્યાર્થીઓની સામે તેનું અપમાન પણ કરવામાં આવ્યું હતું. તેને કહેવામાં આવ્યું હતું કે ધર્મશાળા ખોલી નથી. ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીએ પોતાની બેગમાંથી પેટ્રોલની બોટલ કાઢી તેને પોતાના ઉપર છાંટીને આગ લગાવી દીધી. તે સળગતો વર્ગખંડ તરફ દોડ્યો, તેના સાથી વિદ્યાર્થીઓ પણ આવ્યા, જેમણે આગ ઓલવવા માટે તેના પર પાણી છાંટી દીધું. બીજો વિદ્યાર્થી પણ દાઝી ગયો. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. વિદ્યાર્થીને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેને મેરઠ રિફર કરવામાં આવ્યો. તે 70%થી વધુ બળી ગયો હતો અને તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. વિદ્યાર્થી ઉજ્જવલ રાણાનો દાઝી ગયા પછીનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

## રેપિડો ડ્રાઇવરે યુવતીની છેડતી કરી

**બેંગલુરુ, તા.08**

બેંગલુરુમાં પીડિતાએ કહ્યું, તેણે મારો પગ પકડવાની કોશિશ કરી, ના પાડી તો તેણે મારી સામે ગંદા ઈશારા કર્યા, કર્ણાટકના બેંગ્લુરુમાં રહેતી એક યુવતીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાના હેરેસમેન્ટનો વીડિયો શેર કર્યો છે. યુવતીનો આરોપ છે રે રેપિડો(ઓનલાઈન રાઈડ-હેલિંગ સર્વિસ)ના કેપ્ટને(બાઈક રાઈડર) તેને રાઈડ દરમિયાન ખરાબ રીતે સ્પર્શ કરવાની કોશિશ કરી. યુવતીએ શેર કરેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે કેપ્ટન પોતાની કોણી યુવતીના પગ પર ટેકવે છે. યુવતીએ તેના મોબાઈલથી તેનો વીડિયો રેકોર્ડ કર્યો. યુવતીની આંખમાં આંસુ પણ જોવા મળી રહ્યાં છે. યુવતીના જણાવ્યા પ્રમાણે, તેણે કેપ્ટનને કહ્યું- 'ભૈયા, ક્યા કર રહે હો, એસા મત કરો'. એ પછી પણ કેપ્ટને પોતાનો વ્યવહાર બદલ્યો નહીં.




## ન્યૂઝ ટ્રેક

### મહિલા દોષિતને 11 વર્ષે રેગ્યુલર જામીન મળ્યા:પરિણીત મહિલાને પ્રેમી જોડે રહેવા જવામાં પોતાના 2 બાળકો નડતા હતા

જામનગર તા.08

જામનગરની સેશન્સ કોર્ટે વર્ષ 2018માં એક મહિલા આરોપી અને તેના પ્રેમી પુરુષ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. જેમાં મહિલા આરોપીએ વર્ષ 2018માં તેની સામે હાઈકોર્ટમાં દાખલ કરેલી અપીલમાં રેગ્યુલર જામીન અરજી મંજૂર થતા 11 વર્ષ બાદ તેને જેલમાંથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવામાં આવશે.

જામનગરની સેશન્સ કોર્ટે આરોપીઓને આજીવન સજા ફટકારી હતી

કેસની વિગતો જોતા પરિણીત મહિલા આરોપીને 5 વર્ષ અને 2 વર્ષના એમ બે પુત્રો હતા. જેને અન્ય એક પુરુષ સાથે પ્રેમ થઈ ગયો હતો, તે પુરુષ પણ પરિણીત હતો. મહિલાના પ્રેમીએ તેને બંને બાળકો સાથે રાજકોટ આવવા કહ્યું હતું. બંનેને સાથે રહેવામાં મહિલાના બાળકો નડતા હોવાથી તેમને મારવાનો પ્લાન ઘડવામાં આવ્યો હતો. જે મુજબ બાધલા ગામના વાડી વિસ્તારમાં આવેલ કુવામાં બંનેએ ભેગા મળીને મહિલાના પતિના બંને બાળકોને નાખી દીધા હતા. જે સંદર્ભે બાળકોના પિતાએ લાલપુર પોલીસ મથકે વર્ષ 2014માં ગુનો નોંધાવ્યો હતો અને કેસ જામનગર સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. જામનગરની સેશન્સ કોર્ટે 31 સાહેદ અને 22 પુરાવાને આધારે આરોપીઓને આજીવન સજા ફટકારી હતી.

સહ આરોપી રમેશ અગાઉ મહિલાનો પાડોશી હતો

પોલીસને બનાવની જગ્યાએથી બીડીના ઠુંઠા મળ્યા હતા. જેને FSL તપાસમાં મોકલવામાં આવતા, તેની ઉપર આરોપી મહિલાના પ્રેમી એવા સહ આરોપી રમેશની લાળ મળી આવી હતી. મહિલા ઘરેથી તેના પતિને લોનનો હપ્તો ભરવાનું કહીને બે બાળકોને લઈને નીકળી ગઈ હતી. સહ આરોપી રમેશ અગાઉ મહિલાનો પાડોશી હતો. વળી જે જગ્યાએ બનાવ બન્યો ત્યાં મહિલા શા માટે ગઈ હતી તે પણ પ્રશ્ન સર્જાયો હતો, કારણ કે તે ગામમાં મહિલાના કોઈ પરિચિત રહેતા નહોતા.

કોર્ટને પુરાવા અને સાહેદો સુસંગત લાગતા બંનેને સજા ફટકારી હતી

વળી પોતાના ઓળખીતાઓ અને સંબંધીઓને આરોપીઓ એકબીજાને ભાઈ-બહેન કહેતા ફરતા હતા. ઘટના બન્યા બાદ આરોપીઓએ પોતાના સંબંધીઓને પણ ફોન કર્યા હતા. પુરુષ આરોપીને પણ એક દીકરો હતો. તેને પોતાની પહેલી પત્ની પાસેથી છૂટાછેડા લીધા હતા. વળી મહિલા પોતાના પ્રેમીથી ગર્ભવતી થઈ હોવાની વાત પણ પુરુષ પ્રેમીએ તેના કોઈ સગાને કરી હતી. જામનગર સેશન્સ કોર્ટને પુરાવા અને સાહેદો સુસંગત લાગતા બંનેને આજીવન કેદની સજા ફટકારી હતી.

### સુરતમાં ટ્રાફિક નિયમને લઈ પોલીસકર્મી અને પરપ્રાંતિય યુવક વચ્ચે બબાલ; આ ડીંડોલી પોલીસ મથકના કર્મી નથી: PI

સુરત, તા.08

સુરતમાં ટ્રાફિક નિયમને લઈને એક પરપ્રાંતિય યુવક અને પોલીસકર્મી વચ્ચે વિવાદ થયો હતો. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડિયોમાં બન્ને એકબીજા પર ઓવરસ્પીડમાં વાહન ચલાવ્યાના આક્ષેપો કરી રહ્યાં છે. વીડિયોમાં યુવક બોલી રહ્યો છે કે, શું યુપી-બિહારના છે તો અહીં રહેવા નહિ દેવાના? અહીંના સીસીટીવી ચેક કરીને મારી ભૂલ હોય તો મારી ગાડી અને મને જમા કરી લેજો. તો બીજી તરફ પોલીસકર્મીએ યુવકે દાદાગીરી કરી હોવાનું જણાવી અને હર્ષ સંઘવીને ફોન કરી વર્દી ઉતરાવી દેવાની ધમકી આપ્યાની વાત કરે છે.

આ મામલે ડીંડોલી પીઆઇ આર.જે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, અમે વીડિયો જોયો છે, પરંતુ આ વીડિયોમાં કોઈ ડીંડોલી પોલીસ મથકના પોલીસકર્મી નથી. બની શકે કે અન્ય પોલીસ મથકનો હોય.

વીડિયોમાં જે વ્યક્તિ વાતચીત કરી રહ્યો છે, તેનું નામ શિવમ સિંગ હોવાનું જાણવા મળે છે અને સામે પોલીસકર્મી તેમની બાઈક પર એકલો બેઠેલો છે. વીડિયોની શરૂઆત બંને પક્ષો દ્વારા એકબીજા પર ઓવરસ્પીડમાં વાહન ચલાવવાનો આક્ષેપ કરવાથી થાય છે. શિવમ સિંગ સ્વીકારે છે કે, તેની ગાડી પર નંબર પ્લેટ નથી અને માત્ર ઈન્સ્યોરન્સના કાગળો છે, જે તેની ભૂલ છે. આ ભૂલ માટે તે પેનલ્ટી ભરવા પણ તૈયાર છે.

શિવમ સિંગે આક્ષેપ કર્યો કે, પોલીસકર્મીએ તેને નામ પૂછ્યા બાદ કહ્યું કે, ક્યાંનો છે? યુપીનો છે? તું યુપીનો છે તો તારી દાદાગીરી નહીં નહીં ચાલે. આ ટિપ્પણીના જવાબમાં શિવમ સિંગ પોલીસકર્મીને કહે છે કે, યુપી બિહારના છીએ તો અહીં નહીં રહેવા દેશો? યુપી-બિહારવાળાની અહીં દાદાગીરી નહીં ચાલે એમ કેમ કહો છો? બંને પક્ષો એકબીજા પર 'દાદાગીરી' કરવાનો આરોપ લગાવતા દેખાય છે. યુવકનું કહેવું છે કે, પોલીસકર્મીની પ્રાદેશિક ટિપ્પણી અયોગ્ય છે.

પોલીસકર્મીએ દાવો કર્યો કે, શિવમ સિંગે તેમને હર્ષ સંઘવીને ફોન કરી અને વર્દી ઉતારવાની વાત કરી, પરંતુ શિવમ સિંગે આ વાતનું ખંડન કર્યું અને કહ્યું કે, તેણે આવું કશું કહ્યું જ નથી. શિવમ સિંગે જણાવ્યું કે, પોલીસકર્મી હાઈસ્પીડિંગથી નીકળી ગયા હતા, ત્યારે તેમનો ફોલ્ટ આવ્યો હતો અને તેથી જ તેઓ ખોટી રીતે વર્તી રહ્યા છે.

છેલ્લે, વિવાદનો અંત લાવવા બંને જણાએ કેમેરામાં ચકાસણી કરવાની વાત કરી હતી કે, કોણ હાઈસ્પીડિંગમાં હતું. વીડિયોના અંતમાં શિવમ સિંગ પોલીસકર્મીનું નામ પૂછે છે, પરંતુ તેઓ નામ જણાવવાનો ઈનકાર કરે છે. જોકે, જ્યારે પૂછવામાં આવ્યું કે, તેઓ ડિંડોલી પોલીસ સ્ટેશનમાંથી છે, ત્યારે તેમણે 'હા' માં જવાબ આપ્યો હતો.

### પ્રહલાદ મોદીનો ફરી હુંકાર, 'સરકારે અમારી સાથે છેતરપિંડી કરી

# નવો પરિપત્ર પાછો નહી ખેંચાય તો આંદોલન કરવું પડશે', સસ્તા અનાજ દુકાનદારોની 4 નવેમ્બરે સમજૂતી થઈ'તી

■ નવા પરિપત્ર સામે પ્રહલાદ મોદીનો આંદોલનનો હુંકાર

ભાવનગર, તા.08

રાજ્યની વાજબી ભાવની દુકાનદારોની બે એસોસિયેશનો દ્વારા સરકાર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. દુકાનદારોએ જણાવ્યું છે કે 4 નવેમ્બર, 2025ના રોજ પુરવઠા મંત્રી, રાજ્ય કક્ષાના બન્ને મંત્રી, અગ્ર સચિવ, નિયામક અને અન્ય ટોચના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં કરાયેલી મહત્વપૂર્ણ સમજૂતીનો ભંગ કરીને 7 નવેમ્બર 2025ના રોજ નવી શરતો સાથેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો. જેમાં થયેલ ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરવામાં આવ્યો ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. સસ્તા અનાજની દુકાનના સંચાલકો સાથે સરકારે કરેલી છેતરપિંડીના વિરોધમાં પ્રહલાદ મોદીએ ફરી એકવાર આંદોલનનો હુંકાર કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સરકારે તાત્કાલિક નવો પરિપત્ર પાછો ખેંચવો પડશે, નહીં તો દુકાનદારોને આંદોલન કરવાની ફરજ પડશે. તેમનું કહેવું છે કે દુકાનદારો સાથે 4 નવેમ્બરના રોજ સમજૂતી થઈ હોવા છતાં, સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડીને વિશ્વાસઘાત કર્યો છે. 1 નવેમ્બરથી 4 નવેમ્બર સુધી દૂકાનો બંધ રહી હતી. 'ચર્ચાથી વિપરિત વસ્તુ રજુ કરવામાં આવી, તેનો સખત વિરોધ છે' ફેર પ્રાઈસ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે, આ પરિપત્ર બે દિવસમાં સુધારીને આપવાનું નક્કી થયું તે મુજબ આપે પરિપત્ર આપ્યો, પરંતુ એમા થયેલી ચર્ચાથી વિપરિત વસ્તુ રજુ કરવામાં આવી છે. તેનો સખત વિરોધ છે. એમાં કલમ નં. 2 માં લખ્યું છે કે, કે વ્યવસ્થા મામલતદાર અથવા કલેક્ટર ઓફિસના કર્મચારી કરશે. એમાં કોઈ જગ્યાએ એવો સ્પષ્ટ નથી લખેલું કે દર મહિને પ્રતિનિધિઓને હાજર રાખવાની જવાબદારી મામલતદાર કે કલેકટરના કર્મચારીઓની રહેશે.





તસ્વીર પ્રતિકાત્મક છે

#### પચાસ ટકા સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન ફરજિયાત

એસોસિયેશન મુજબ, 4 નવેમ્બરની બેઠકમાં દુકાન પર જથ્થો ઉતારતી વખતે માત્ર બે તકેદારી સમિતિના સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન લેવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ નવા પરિપત્રમાં 1 એપ્રિલ 2026થી પચાસ ટકા સભ્યો અંદાજે 5થી 6 સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન ફરજિયાત કરાયું છે.

#### 'કહેવાતી સંવેદનશીલ સરકાર અધિકારીઓના દબાણમાં આવી'

દુકાનદારોનો આક્ષેપ છે કે, કહેવાતી સંવેદનશીલ સરકાર અધિકારીઓના દબાણમાં આવી ગઈ છે અને ટોચના અધિકારીઓએ મંત્રીઓને સાચી માહિતી આપ્યા વિના મનપસંદ નિર્ણયો દબાવી દીધા છે. એસોસિએશનના આગેવાનોએ તો આક્ષેપ કર્યો કે અધિકારીઓએ સરકારથી ઉપર જઈને નિર્ણય લઈને પોતાની સર્વોપરીતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### પેંડા-મૂર્ગા ગેંગના લુખ્ખાઓએ જ્યાં ફાયરિંગ કર્યું ત્યાં જ ઉઠક-બેઠક કરી

હાથ જોડી માફી માગી, ધરપકડનો આંક 17 પહોંચ્યો; રાજકોટમાં ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન

રાજકોટ તા.08

રાજકોટના મંગળા રોડ પર આવેલ પ્રગતિ હોસ્પિટલ પાસે 29 ઓક્ટોબરના રોજ કુખ્યાત સમીર ઉર્ફે મૂર્ઘા ગેંગ અને પેંડા ગેંગ વચ્ચે થયેલા અંધાધૂંધ ફાયરિંગ કેસમાં પોલીસે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જે પૈકી રાજપાલ ઉર્ફે રાજો જાડેજા અને અરમાન ઉર્ફે ચક્કીને પોલીસે ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. અહીં બંને આરોપીએ લંગડાતા ચાલી, બે હાથ જોડી માફી માગી હતી. ઉલ્લેખનીય છે કે, પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 17 આરોપીની ધરપકડ કરી છે, જ્યારે કેસમાં મુખ્ય આરોપી સમીર ઉર્ફે સંજલો ઉર્ફે મૂર્ઘો જુણેજા 10 દિવસ થયાં છતાં હજુ પોલીસ પકડથી દૂર છે. બન્ને ગેંગના સભ્યોએ લોકોની માફી માગી, કારમાં હોવાનું કબૂલ્યું, રાજકોટ શહેર SOG પોલીસ દ્વારા મંગળા રોડ પર થયેલ અંધાધૂંધ ફાયરિંગ કેસમાં



વધુ ત્રણ આરોપી રાજપાલ ઉર્ફે રાજો સુધીરસિંહ જાડેજા, દિનેશ ઉર્ફે કાંચો સંજય ટમટા અને અલ્કાફ ઉર્ફે જલાનગી અબ્બાસની ધરપકડ કરી છે. રાજકોટ SOG પીઆઇ સંજયસિંહ જાડેજાની ટીમ દ્વારા આજે (8 નવેમ્બર) આરોપીઓને ઘટનાસ્થળ પર લઇ જઈ રી-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. અહીં આરોપી રાજપાલ ઉર્ફે રાજો જાડેજા અને અરમાન ઉર્ફે ચક્કીએ લંગડાતા પગે ચાલી બનાવના દિવસે થયેલી ઘટના વર્ણવી હતી અને બે હાથ જોડી લોકોની માફી માગી હતી.

#### મુખ્ય આરોપી હજુ પણ ફરાર

ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેર પોલીસ દ્વારા મંગળા રોડ પર ફાયરિંગ કેસમાં અત્યાર સુધી કુલ 17 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં મુખ્ય આરોપી સમીર ઉર્ફે સંજલો ઉર્ફે મૂર્ઘો જુણેજા ઘટનાને 10 દિવસ થયાં છતાં પણ પોલીસ પકડથી દૂર છે. આરોપીને ઝડપી પાડવા માટે પોલીસ અલગ-અલગ રાજ્યોમાં તપાસ અર્થ પહોંચી હતી, પરંતુ આરોપી સુધી પોલીસ પહોંચી શકી નથી.

### સુરતમાં નકલી ડોક્ટર ઝડપાયો, SOGએ કાર્યવાહી કરી:B.Com ભણેલો એક વર્ષથી ક્લિનિક ચલાવી રહ્યો હતો, સાધનો જપ્ત

માજી સરપંચ અને ઉપ સરપંચની ધરપકડ, તલાટી મંત્રીની ધરપકડ બાદ કોર્ટનો સ્ટે હટતાં કાર્યવાહી

સુરત, તા.08

સુરત ગ્રામ્ય SOGએ પલસાણા તાલુકાના કારેલી ગામમાંથી એક નકલી ડોક્ટરને ઝડપી પાડ્યો છે. B.Com સુધીનો અભ્યાસ કરેલો આ ઈસમ છેલ્લા એક વર્ષથી 'કિંતી ક્લિનિક' નામનું દવાખાનું ચલાવી માનવ સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હતો. પોલીસે ક્લિનિકમાંથી મેડિકલ સાધનસામગ્રી અને દવાઓ જપ્ત કરી છે. બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે કારેલી ગામ, રાશી રેસીડેન્સી વિસ્તારમાં આવેલ જે.એ. રેસીડેન્સી બિલ્ડીંગની દુકાન નં. 4માં આવેલા 'કિંતી ક્લિનિક' પર દરોડો પાડી રીતેશ કનુભાઈ હલદર (ઉં.વ-33, મૂળ રહે. પશ્ચિમ બંગાળ) નામના ઈસમને પકડી પાડ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે રીતેશ પાસે કોઈ માન્ય સંસ્થાનું રજીસ્ટ્રેશન સર્ટી કે તબીબી પ્રમાણપત્ર નહોતું. આરોપી રીતેશે પોલીસને જણાવ્યું કે તેણે B.Com સુધીનો અભ્યાસ કર્યો છે અને અગાઉ કડોદરા કિષ્નાનગર ખાતે એક ક્લિનિકમાં કમ્પાઉન્ડર તરીકે બે વર્ષ નોકરી કરી હતી. આ મર્યાદિત અનુભવના આધારે જ તે છેલ્લા એક વર્ષથી પોતાનું ક્લિનિક ચલાવી રહ્યો હતો. પોલીસે ક્લિનિકમાંથી 8,953/- ની કિંમતની અલગ-અલગ મેડિકલ સાધન સામગ્રી અને દવાઓ કબજે કરી છે. આરોપી રીતેશ હલદર વિરુદ્ધ પલસાણા પોલીસ સ્ટેશન ખાતે ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ 1963 ની કલમ 30, 35 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### રાજ્યમાં ગુલાબી ઠંડીની શરૂઆત:નલિયા રહ્યું સૌથી ઠંડુ શહેર, લઘુત્તમ તાપમાન 16.2 ડિગ્રી નોંધાયું

અમદાવાદ, તા.08

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીને લઈને આગાહી કરવામાં આવી છે, જેમાં ગઈકાલે સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયા ખાતે 16.3 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ભૂજમાં મહત્તમ તાપમાન 34.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આમ સૌથી ઓછું ઠંડુ ભૂજ અને સૌથી વધુ ઠંડુ નલિયા શહેર નોંધાયું હતું. અમદાવાદનું લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી આસપાસ રહેશે, હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરવામાં આવી છે, જેમાં પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વની થતા ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટાભાગના જિલ્લાઓમાં 2-3 ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે.

### 'લાગતું નથી કે આ વખતે ધો.12માં નીકળી શકીએ' : શિક્ષક જ નથી તો ભણાવશે કોણ?

શાળા ટ્રસ્ટી પૂર્વ ધારાસભ્ય હોવા છતાં કાયમી શિક્ષક આપવાની તો દૂરની વાત છે, પરંતુ જ્ઞાન સહાયક પણ ફાળવવામાં આવ્યા નથી

અમદાવાદ, તા.08

અમદાવાદ સ્માર્ટ સિટીમાં શિક્ષણની વરવી વાસ્તવિકતા સામે આવી છે. નરોડા સૈજપુર વિસ્તારમાં આવેલી શિવમ વિદ્યાલય સ્કૂલ શિક્ષક વગર જ ચાલી રહી છે. એકપણ શિક્ષક ના હોવાથી વિદ્યાર્થીઓ સ્કૂલમાં ઓનલાઈન અભ્યાસ કરવા માટે મજબૂર બન્યા છે. ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ પણ ઓનલાઈન વીડિયો જોઈને જ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે. શાળા- સંચાલક દ્વારા અનેક વખત શિક્ષક ફાળવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી અને શિક્ષણ વિભાગને રજૂઆત કરી છે. શાળા ટ્રસ્ટી પૂર્વ ધારાસભ્ય હોવા છતાં કાયમી શિક્ષક આપવાની તો દૂરની વાત છે, પરંતુ જ્ઞાન સહાયક પણ ફાળવવામાં આવ્યા નથી. એના કારણે બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાસ થઈ શકે એવી પણ



તૈયારી કરી શક્યા નથી. સ્માર્ટ સિટી અમદાવાદમાં વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. રાજ્યમાં પણ કરોડોના ખર્ચે વિકાસનાં કામ થઈ રહ્યાં છે, પરંતુ શિક્ષણક્ષેત્રે કેટલો ખર્ચ કરવામાં આવી રહ્યો છે એની વાસ્તવિકતા સામે આવી છે. રાજ્યની અનેક શાળાઓ શિક્ષકો વગર ચાલી રહી છે. ક્યાંક એક શિક્ષક તો ક્યાંક બે શિક્ષક તમામ વિષયો ભણાવીને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહ્યા છે.

### પ્રેમીએ પ્રેમીકાની હત્યા કરી લાશ ટ્રોલી બેગમાં ભરી ફેંકી

■ આરોપીએ રિમાન્ડ પર કબૂલ્યું કે, અન્ય રાજ્યમાં આ રીતે હત્યા કરી લાશ ફેંકી દેવાની ઘટનાઓ જોઈ વિચાર આવ્યો

સુરત, તા.08

સુરત જિલ્લામાં ભારે ચકચાર જગાવનાર તરસાડી ઓવરબ્રિજ નીચેથી સૂટકેસમાંથી મળી આવેલી યુવતીની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે મૃતક કાજલદેવીના પ્રેમી રવિ શર્માને દિલ્હી નજીકથી ઝડપી લીધો હતો અને તેને વધુ પૂછપરછ માટે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવ્યા છે. કોસંબા પોલીસે આરોપી રવિ શર્માને આજે માંગરોળ કોર્ટમાં રજૂ કર્યો હતો અને 7 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, કોર્ટે 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. હત્યાનો પ્લાન: પોલીસે જ્યારે પૂછ્યું કે લાશને બેગમાં જ કેમ ભરી, ત્યારે આરોપીએ જણાવ્યું હતું કે, અન્ય રાજ્યમાં લાશના ટુકડા કરી બેગમાં ભરેલ ઘટનાઓ તેણે ન્યૂઝ ચેનલોમાં જોઈ હતી. આના પરથી જ તેને લાશને બેગમાં ભરીને ફેંકી દેવાનો વિચાર આવ્યો હતો અને તેણે પ્લાન મુજબ ઘટનાને અંજામ આપ્યો હતો. જોકે, તેણે લાશના ટુકડા કર્યા ન હતા. પ્રેમસંબંધ અને દબાણ: મૃતક કાજલદેવી અને આરોપી રવિ શર્મા વચ્ચે પ્રેમસંબંધ હતો. જોકે, છેલ્લા કેટલાક મહિનાઓથી કાજલદેવી રવિ પર લગ્ન કરવા માટે સતત દબાણ કરતી હતી અને ઝઘડા કરતી હતી. હત્યા: આ રોજિંદા ત્રાસથી કંટાળીને પ્રેમી રવિએ કોસંબા ખાતે કાજલનું ગળું દબાવીને હત્યા કરી નાખી.

### સુરતમાં 31 સમૂહલગ્ન સંપન્ન : દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સમાજે એકતા દર્શાવી

કચ્છ, તા.08

દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનો 30મો સમૂહલગ્ન સમારોહ ૨ નવેમ્બર, 2025ના રોજ સુરતના સંપદા ફેસ્ટિવિટી હોલ ખાતે યોજાયો. આ પ્રસંગે 31 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સમારોહ 'સમાજની શાન, સંસ્કાર અને સહકાર'ના સૂત્ર સાથે સંપન્ન થયો. વરસાદી વાતાવરણને કારણે આયોજન સ્થળમાં ફેરફાર કરવો પડ્યો હતો. મૂળ વલથાણ ગામના SUV એજ્યુકેશન કેમ્પસને બદલે સંપદા ફેસ્ટિવિટી હોલ ખાતે માત્ર ચાર દિવસના ટૂંકા ગાળામાં આયોજન ગોઠવવામાં આવ્યું. આયોજન સમિતિના ત્વરિત નિર્ણય અને ટીમ વર્કને કારણે આ કાર્યક્રમ સફળ બન્યો. આ પ્રસંગે અંદાજે 6,000 સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. સવારે 12:01 કલાકે વૈદિક વિધિ અનુસાર તુલસી વિવાહ યોજાયો હતો. જેમાં બાબુભાઈ રવજીભાઈ પોકાર (કામરેજ) અને વિશ્રામભાઈ નાગજીભાઈ સાંખલા (બારડોલી) એ તુલસી-નારાયણ પરિવાર તરીકે ભાગ લીધો હતો. સાંજે ૬:૦૧ કલાકે મુખ્ય પૂજારીઓના મંત્રોચ્ચાર સાથે હસ્તમેળાપ અને મંગળફેરાની વિધિ સંપન્ન થઈ. વરસાદને કારણે સ્થળ પર ઉપસ્થિતિ મર્યાદિત હોવા છતાં,14,000 થી વધુ સમાજજનોએ YouTube Live દ્વારા આ પ્રસંગ નિહાળ્યો હતો. આ સમારોહમાં દક્ષિણ ગુજરાત ઝોન સમાજના પ્રમુખ બાબુભાઈ જાદવાણી સહિતના અગ્રણીઓએ દાતાઓને સન્માનિત કર્યા હતા.

### અમરેલીના ફૂલઝરના ધીંગાણા મામલે પાટીદારો મેદાને:એકવાર તો ઘા કરી જ લેવો

અમરેલી, તા.08

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ફૂલઝર ગામમાં 5 નવેમ્બરની મોડીરાત્રે લગ્નના ફુલેકામાં ઘોડીને ટ્રેક્ટર અડી જતાં થયેલી બબાલમાં એકની હત્યા થઈ હતી, જ્યારે 10 જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. આ મામલે બંને પક્ષે સામસામે 50થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. એમાં 29 પાટીદાર સામે નામજોગ ફરિયાદ થઈ છે. આ ફરિયાદમાં બે એવા લોકોનાં નામ છે, જેમાંથી એક હોટલમાં અને એક હોસ્પિટલમાં દાખલ હતા. આ હિંસક જૂથઅથડામણના ગંભીર પડઘા હવે સુરતમાં પડ્યા છે.

'એકવાર ઘા કરી જ લેવાનો'

ફૂલઝર ગામમાં પાટીદારો પર અસામાજિક તત્ત્વો દ્વારા કરાયેલા હિંસક હુમલો અને ત્યાર બાદ ખોટી રીતે કેસ કરાયાના આક્ષેપોને લઈને સુરતના પાટીદારો મેદાને પડ્યા છે. આ મામલે એક વિશાળ અને મહત્ત્વપૂર્ણ બેઠક પણ યોજાઈ હતી. આ બેઠકમાં પાટીદારો સામે લાગેલી 307ની કલમ નહીં દૂર કરવામાં આવે તો સુરતથી ફૂલઝર જવાની પણ તૈયારીઓ કરી લીધી છે. આ બેઠકમાં હાજર અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું કે એકવાર ઘા કરી જ લેવાનો ઈ છૂટે એમ આપણે પણ છૂટી જઈશું. '10 હજાર ગામમાંથી 200-500 ગામ બાદ કરો તો બધે આવી જ પરિસ્થિતિ' આ બેઠકમાં સામેલ થયેલા અલ્પેશ કથીરિયા સંબોધન કરતાં કહ્યું હતું કે પરિસ્થિતિ સુધારવા માટે ખાલી દિવાળીથી દિવાળી ગામ જઈએ ન ચાલે. મહિના-બે મહિને આપણે ગામની કમિટીની રચના કરવી પડશે. કોઈ સંગઠન-બંગઠનની જરૂર નથી. તમારા ગામનું પોતાનું સંગઠન, મારા ગામનું મારું સંગઠન. આમાં કોઈ બીજા સંગઠનની જરૂર નથી. તમારા ગામનું સંગઠન તમારે જ ચલાવવાનું છે. દર મહિને 10-10 યુવાનોએ ગામડે જવાનું, સમગ્ર ગુજરાતનાં 18,000 ગામડાં છે, એમાં સૌરાષ્ટ્રનાં 10,000થી વધુ ગામ છે. એમાંથી 200-500 ગામને બાદ કરો તો બધે આવી જ પરિસ્થિતિ છે. EWS 10% સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ મળે : અલ્પેશ કથીરીયા પાટીદાર યુવા નેતા અલ્પેશ કથીરીયાએ જણાવ્યું હતું કે, આજથી ત્રણ મહિના પહેલા જ્યારે ચિંતન શિબિર અમે અમદાવાદ ખાતે મળ્યા હતાં, ત્યારે પણ મીડિયા સમક્ષ આ માગ મૂકી હતી કે 27% ઓબીસીનો અમલ આજે પ્રથમ વખત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થવા જઈ રહ્યો છે. અને બંધારણીય રીતે જ્યારે સમગ્ર ભારતમાં ઈડબલ્યુએસ 10% લાગુ થઈ છે, તો એ 10% ઈડબલ્યુએસ નોકરી અને શિક્ષણમાં જે રીતે મળે છે,

#### વિઠ્ઠલભાઈ-વિનુ શિંગાળા લુખ્ખા સાચવતા એટલે સમાજ સુખી: અલ્પેશ કથીરિયા

આ બેઠકમાં સામેલ થયેલા અલ્પેશ કથીરિયા સંબોધન કરતાં કહ્યું હતું કે પરિસ્થિતિ સુધારવા માટે ખાલી દિવાળીથી દિવાળી ગામ જઈએ ન ચાલે. મહિના-બે મહિને આપણે ગામની કમિટીની રચના કરવી પડશે. કોઈ સંગઠન-બંગઠનની જરૂર નથી. તમારા ગામનું પોતાનું સંગઠન, મારા ગામનું મારું સંગઠન. આમાં કોઈ બીજા સંગઠનની જરૂર નથી. તમારા ગામનું સંગઠન તમારે જ ચલાવવાનું છે. દર મહિને 10-10 યુવાનોએ ગામડે જવાનું, સમગ્ર ગુજરાતનાં 18,000 ગામડાં છે, એમાં સૌરાષ્ટ્રનાં 10,000થી વધુ ગામ છે. એમાંથી 200-500 ગામને બાદ કરો તો બધે આવી જ પરિસ્થિતિ છે.

# સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી શરૂ : 19 ડિસેમ્બર સુધી ચાલશે

- કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાણકારી આપી



દિલ્હી, તા.08

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી આપી હતી કે સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બર, 2025થી શરૂ થશે. જે 19 ડિસેમ્બર, 2025 સુધી ચાલશે. રિજિજુએ કહ્યું, 'રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 1 ડિસેમ્બરથી શિયાળુ સત્ર યોજવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. અમને એક સાર્થક સત્રની આશા છે જે અમારા લોકતંત્રને મજબૂત કરે અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરે. નોંધનીય છે કે આ પહેલાં સંસદનું પાછલું ચોમાસુ સત્ર 21 જુલાઈથી 21 ઓગસ્ટ સુધી ચાલ્યું હતું. સમગ્ર સત્ર દરમિયાન કુલ 21 બેઠકો યોજાઈ હતી. લોકસભામાં 120 કલાક ચર્ચા થવાની હતી, પરંતુ ચર્ચા ફક્ત 37 કલાક જ થઈ. આ દરમિયાન રાજ્યસભામાં 41 કલાક સુધી ચર્ચા થઈ. આ સમયગાળા દરમિયાન લોકસભામાં 12 અને રાજ્યસભામાં 15 બિલ પસાર થયા. સૌથી વધુ ચર્ચિત બિલ બંધારણીય સુધારા બિલ હતું, જે ધરપકડ કરાયેલા PM-CMને દૂર કરશે. તેને JPC સમક્ષ મોકલવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. 21 જુલાઈની રાત્રે ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ તરીકે જગદીપ ધનખડે અચાનક રાજીનામું આપી દીધું. 74 વર્ષીય ધનખડનો કાર્યકાળ 10 ઓગસ્ટ, 2027ના રોજ પૂરો થવાનો હતો. ધનખડ સત્રની વચ્ચે રાજીનામું આપનારા પહેલા ઉપરાષ્ટ્રપતિ છે.

22 જુલાઈના રોજ, ચોમાસુ સત્રના બીજા દિવસે, લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિપક્ષે બિહાર SIR પર હોબાળો મચાવ્યો. સાંસદોએ ગૃહોની અંદર અને બહાર વિરોધ કર્યો. આ વિરોધ સમગ્ર સત્ર દરમિયાન ચાલુ રહ્યો, જેના કારણે બંને ગૃહોની કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરવામાં આવી. 29 જુલાઈના રોજ લોકસભામાં ઓપરેશન સિંદૂર પર 16 કલાક લાંબી ચર્ચા યોજાઈ, જેમાં વડાપ્રધાન મોદી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હાજરી આપી. રાહુલ ગાંધીએ તેમના 36 મિનિટના ભાષણમાં કહ્યું, 'જો તેમનામાં હિંમત હોય, તો તેમણે અહીં ગૃહમાં કહેવું જોઈએ કે તેઓ જૂઠું બોલી રહ્યા છે. ઓપરેશન સિંદૂર પર લોકસભામાં ચર્ચા 16 કલાકથી વધુ ચાલી.'

ટ્રમ્પનું નામ લીધા વિના, પીએમ મોદીએ તેમના એક કલાક અને 40 મિનિટના ભાષણમાં કહ્યું, 'ઓપરેશન સિંદૂર દરમિયાન, વિશ્વના કોઈપણ દેશે ભારતને તેની સુરક્ષા માટે કાર્યવાહી કરતા અટકાવ્યું ન હતું.' 29 જુલાઈના રોજ રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની માફી માંગવી પડી હતી. ખડગેએ અગાઉ કહ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલા માટે જે પણ જવાબદાર હોય તેણે બેઠક ખાલી કરવી જોઈએ. જો કોઈ જવાબદાર ન હોય તો વડાપ્રધાને જવાબ આપવો જોઈએ. જેપી નડ્ડાએ કહ્યું, 'તેમણે (ખડગે) વડાપ્રધાન પર ટિપ્પણી કરી છે. હું તેમનું દુઃખ સમજી શકું છું. તેમને 11 વર્ષથી ત્યાં રાખવામાં આવ્યા છે. તેમણે પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું છે અને આ રીતે બોલી રહ્યા છે.' ખડગે ગુસ્સે થયા. તેમણે કહ્યું કે તેમના મંત્રીઓ માનસિક સંતુલન ગુમાવીને બોલે છે. ત્યારબાદ જેપી નડ્ડાએ કહ્યું, 'જો તમારી લાગણીઓને ઠેસ પહોંચી હોય, તો હું તેના માટે માફી માંગુ છું.' નડ્ડાની ટિપ્પણીઓ બાદમાં ગૃહના રેકોર્ડમાંથી કાઢી નાખવામાં આવી. 12 ઓગસ્ટના રોજ, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ રોકડ કૌભાંડ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. સ્પીકરે કહ્યું, 'મને રવિશંકર પ્રસાદ અને વિપક્ષના નેતા સહિત 146 સભ્યો દ્વારા સહી કરાયેલ પ્રસ્તાવ મળ્યો છે.' તેમણે જણાવ્યું હતું કે આ ઠરાવમાં અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માને દૂર કરવાની માંગ કરવામાં આવી છે. સ્પીકરે તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની જાહેરાત કરી. 20 ઓગસ્ટના રોજ જ્યારે અમિત શાહે લોકસભામાં ત્રણ બિલ રજૂ કર્યા, ત્યારે વિપક્ષે નકલો ફાડી નાખી અને ગૃહમંત્રી પર કાગળો ફેંક્યા. કેટલાક વિપક્ષી સાંસદોએ કાગળના ગોળા બનાવી તેમના પર ફેંક્યા. ત્યારબાદ બિલોને JPC પાસે મોકલવામાં આવ્યા. આ બિલોમાં એક જોગવાઈ છે - જો પીએમ, મુખ્યમંત્રી અથવા કોઈપણ મંત્રીને પાંચ વર્ષ સુધીની સજાવાળા કોઈપણ ગુના માટે 30 દિવસ માટે ધરપકડ કરવામાં આવે છે અથવા અટકાયતમાં રાખવામાં આવે છે, તો તેમને પદ પરથી દૂર કરવામાં આવશે. સંસદ સત્રના છેલ્લા દિવસે, રાજ્યસભાએ ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ મૂકતો બિલ પસાર કર્યો. તે એક દિવસ પહેલા જ લોકસભામાં પસાર થઈ ગયો હતો. એકવાર કાયદો ઘડાઈ ગયા પછી, ફેન્ટસી સ્પોર્ટ્સ, ડ્રીમ11, રમી અને પોકર જેવી પૈસા આધારિત ઓનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

# જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં બે આતંકવાદીઓ ઠાર

## ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા; સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળ પર ગોળીબાર કર્યો



કાશ્મીર, તા.08

શનિવારે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. નિયંત્રણ રેખા (LoC) પારથી ઘૂસણખોરીના પ્રયાસની ગુપ્ત માહિતી મળ્યા બાદ ભારતીય સેનાએ શુક્રવારે આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારતીય સેનાના એક યુનિટ ચિનાર કોર્પ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ વળતો ગોળીબાર કર્યો હતો, જેમાં આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. ઓપરેશન ચાલુ છે. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. આ પહેલા 5 નવેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચતરૂ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આતંકવાદીઓના ગોળીબારમાં એક સૈનિક ઘાયલ થયો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુ અને કાશ્મીર પોલીસે સેનાના સમર્થનથી આતંકવાદીઓ સામે સંયુક્ત કાર્યવાહી શરૂ કરી હતી. છત્રુમાં આતંકવાદીઓનું એક જૂથ ઘણા મહિનાઓથી સક્રિયસૂત્રોના જણાવ્યા અનુસાર, કિશ્તવાડના છત્રૂમાં આતંકવાદીઓનું એક જૂથ ઘણા મહિનાઓથી સક્રિય છે. છેલ્લા એક વર્ષમાં ઊંચાઈવાળા જંગલી વિસ્તારોમાં છૂટાછવાયા આતંકવાદી પ્રવૃત્તિઓ જોવા મળી છે. સુરક્ષા દળો લાંબા સમયથી તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યા છે. તાજેતરના મહિનાઓમાં આતંકવાદીઓ સામે અનેક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

છેલ્લા સાત મહિનામાં કિશ્તવાડમાં છ એન્કાઉન્ટર થયા21 સપ્ટેમ્બર - છત્રુ વિસ્તારમાં આતંકવાદીઓના જૂથ સાથે એન્કાઉન્ટર થયું. 13 સપ્ટેમ્બર - છત્રુના નાયડગ્રામ વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની એન્કાઉન્ટરમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર સહિત બે સૈનિકો શહીદ થયા અને બે અન્ય ઘાયલ થયા. 11 ઓગસ્ટ અને 2 જુલાઈ - દુલ અને છત્રુ પટ્ટામાં હિંસક અથડામણ થઈ, પરંતુ આતંકવાદીઓ ભાગી જવામાં સફળ રહ્યા. 22 મે - ચતરુ બેલ્ટના સિંગાપોર વિસ્તારમાં એક એન્કાઉન્ટરમાં એક સૈનિક શહીદ થયો. બે આતંકવાદીઓ માર્યા ગયા. 12 એપ્રિલ - કિશ્તવાડમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. સેનાએ અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પર આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.



આ તસવીરમાં, વારાણસીના રેલ્વે સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવતી વખતે સમર્થકોનું સ્વાગત કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

# ભારતને 113 તેજસ માર્ક-1A એન્જિન આપશે અમેરિકા

## HAL અને યુએસ કંપની વચ્ચે ₹8,870 કરોડનો કરાર; 2027 અને 2032ની વચ્ચે થશે ડિલિવરી

જોધપુર, તા.08

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) એ શુક્રવારે અમેરિકા સ્થિત જનરલ ઈલેક્ટ્રિક (GE) સાથે ભારતને 113 જેટ એન્જિન અને સપોર્ટ પેકેજો પૂરા પાડવા માટે $1 બિલિયન (આશરે 8,870 કરોડ) ના સોદા પર હસ્તાક્ષર કર્યા.HAL એ X પરની એક પોસ્ટમાં આ કરારની જાહેરાત કરી. કંપનીએ જણાવ્યું હતું કે આ એન્જિન 97 માર્ક-1A હળવા લડાયક વિમાન (તેજસ ફાઈટર જેટ) માં સ્થાપિત કરવામાં આવશે. આ એન્જિન 2027 અને 2032 ની વચ્ચે ડિલિવર કરવામાં આવશે.



કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે 25 સપ્ટેમ્બરના રોજ HAL સાથે 62,370 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા, જે હેઠળ HAL ભારતીય વાયુસેના માટે 97 LCA તેજસ માર્ક-1A ફાઈટર એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે. 2021: HALએ 83 તેજસ માર્ક-1Aનો ઓર્ડર આપ્યો, હજુ સુધી એક પણ ડિલિવર કર્યો નથી ફેબ્રુઆરી 2021ની શરૂઆતમાં, સરકારે 83 તેજસ માર્ક-1A વિમાન ખરીદવા માટે HAL સાથે 48,000 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જોકે, અમેરિકન એન્જિનની ડિલિવરીમાં વિલંબને કારણે, HALએ હજુ સુધી એક પણ વિમાન ડિલિવર કર્યું નથી. એવી અપેક્ષા છે કે HAL 2028 સુધીમાં બધા વિમાન વાયુસેનાને પહોંચાડશે. આ હેતુ માટે, HAL ને GE તરફથી ચાર એન્જિન મળી ચૂક્યા છે. તેજસ વિમાન માર્ક-1A નું અદ્યતન સંસ્કરણ LCA તેજસ માર્ક-1A ફાઈટર જેટને પાકિસ્તાન સરહદ નજીક રાજસ્થાનના બિકાનેરમાં નાલ એરબેઝ પર તૈનાત કરવાની યોજના છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે જેટ પાસે પોતાનું રક્ષણાત્મક કવચ અને નિયંત્રણ એક્ટ્યુએટર્સ હશે. તેજસ માર્ક-1A ના 65% થી વધુ ઘટકો ભારતમાં બનાવવામાં આવે છે. માર્ક 1A એ સિંગલ-એન્જિન તેજસ એરક્રાફ્ટનું અદ્યતન સંસ્કરણ છે. તે ચોથી પેઢીનું હલકું લડાયક વિમાન છે, જે ઓછું વજન અને ઉચ્ચ ચપળતા પ્રદાન કરે છે. તેમાં અપગ્રેડ઼ એવિઓનિક્સ અને રડાર સિસ્ટમ્સ છે. તેજસનું જૂનું સંસ્કરણ પણ HAL દ્વારા વિકસાવવામાં આવ્યું હતું. તે એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA) અને DRDO ના સહયોગથી વિકસાવવામાં આવ્યું હતું.

# બંગાળમાં 3 કરોડથી વધુ SIR ફોર્મ વહેંચાયા

## એન્ક્લેવ મહિલાઓના નામ રદ થવાનો ભય; સુપ્રીમ કોર્ટ તમિલનાડુ સરકારની અરજી પર સુનાવણી કરવા સંમત થઈ



નવી દિલ્હી , તા.08

વોટર લિસ્ટનું રિવીઝન (SIR) 4 નવેમ્બરના રોજ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયું. પશ્ચિમ બંગાળમાં વિરોધ છતાં બૂથ-સ્તરના અધિકારીઓએ 30.4 મિલિયનથી વધુ ફોર્મનું વિતરણ કર્યું છે. જોકે, ભૂતપૂર્વ કૂચ બિહાર એન્ક્લેવના રહેવાસીઓએ જિલ્લા વહીવટીતંત્રને લગભગ 450 મહિલાઓના નામ સુપરત કર્યા છે. તેમને ડર છે કે તેઓ 9 ડિસેમ્બરે પ્રકાશિત થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રહી શકે છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટ 11 નવેમ્બરથી મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાની સુનાવણી કરવા માટે તૈયાર છે. આ મામલો મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે.

તમિલનાડુ સરકારની અરજીમાં દેશભરમાં SIR પ્રક્રિયાના અમલીકરણને પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ પહેલાથી જ બિહારમાં SIR ની માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે.

ઓગસ્ટ 2015 માં 51 બાંગ્લાદેશી વિસ્તારોને ભારતીય મુખ્ય ભૂમિમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. તે વર્ષે વિસ્તાર વિનિમય પહેલાં ત્યાં રહેતી મહિલાઓનો વસ્તી ગણતરીમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો કારણ કે તેઓ પહેલાથી જ પરિણીત હતા અને દેશના વિવિધ ભાગોમાં તેમના સાસરિયાઓ સાથે રહેવા ગયા હતા.

# અમેરિકાના 40 એરપોર્ટ પર 5000 ફ્લાઇટ્સ રદ

## શટડાઉનના કારણે સ્ટાફ મળી રહ્યો નથી, કર્મચારીઓ પગાર વિના કામ કરી રહ્યા છે

ન્યૂ યોર્ક, તા.04

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ ગુરુવારે 40 મુખ્ય એરપોર્ટ પર ફ્લાઈટ ઘટાડાની જાહેરાત કરી, જેમાં ન્યૂયોર્ક અને વોશિંગ્ટન, ડી.સી.નો સમાવેશ થાય છે. આ 40માંથી મોટાભાગના દેશના સૌથી વ્યસ્ત હબ છે. આનાથી થેંક્સગિવીંગ રજા પહેલા મુસાફરી કરવાનું આયોજન કરી રહેલા મુસાફરો માટે ચિંતા વધી ગઈ છે. રોઈટર્સના અહેવાલ મુજબ, પ્રાદેશિક અને મુખ્ય એરલાઈન્સ સહિત ઘણી મોટી એરલાઈન્સે પહેલાથી જ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. જોકે, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર કોઈ અસર પડશે નહીં. FAA અનુસાર આ પગલું એર ટ્રાફિક કંટ્રોલર્સની અછતને દૂર કરવા માટે લેવામાં આવ્યું હતું, જેઓ એક મહિનાથી વધુ સમયથી પગાર વિના કામ કરી રહ્યા છે. દરરોજ 1800 ફ્લાઈટ્સ રદ થવાનું જોખમ છે, જેનાથી 2.68 લાખ લોકો પ્રભાવિત થશે આ ઘટાડો ધીમે ધીમે વધશે. શુક્રવારથી, ફ્લાઈટ્સમાં 4% ઘટાડો થશે, જે 14 નવેમ્બર સુધીમાં 10% સુધી પહોંચી જશે. આ સવારે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ચાલશે. આનાથી સ્થાનિક ફ્લાઈટ્સ પર અસર થશે. નિષ્ણાતોના મતે આનાથી દરરોજ 1,800 ફ્લાઈટ્સ રદ થઈ શકે છે, જેની અસર લગભગ 268,000 લોકોને થશે. ડેલ્ટા એર લાઈન્સે શુક્રવારે 170 ફ્લાઈટ્સ રદ કરી. યુનાઈટેડ એરલાઈન્સે 200 ફ્લાઈટ્સ રદ કરી, જે તેના શુક્રવારના સમયપત્રકના 4% છે. અમેરિકન એરલાઈન્સે પણ 220 ફ્લાઈટ્સ ઘટાડી. સાઉથવેસ્ટ એરલાઈન્સે 100 ફ્લાઈટ્સ રદ કરી. અમેરિકા માટેની એરલાઈન્સે કહ્યું, 'અમે મુસાફરોને અસુવિધા ઓછી કરવા માટે સરકાર સાથે કામ કરી રહ્યા છીએ.' FAA એ જણાવ્યું હતું કે કઈ ફ્લાઈટ્સ રદ કરવી તે નક્કી એરલાઈન્સ કરશે.

એરલાઈન્સે સલાહ આપી, બેકઅપ ટિકિટ બુક કરવાની સલાહ આપી ફ્રન્ટિયર સહિત અનેક મોટી એરલાઈન્સે આગામી 10 દિવસમાં મુસાફરી કરતા મુસાફરો માટે સલાહ જાહેર કરી છે. 'જો તમે શુક્રવારે અથવા આગામી 10 દિવસમાં ઉડાન ભરી રહ્યા છો, તો બેકઅપ ટિકિટ બુક કરો. બીજી એરલાઈન પર ઈકોનોમી ક્લાસમાં સ્વિચ કરો. આ ફેરફારો મફત છે,' ફ્રન્ટિયર એરલાઈન્સના સીઈઓ બેરી બિફલે ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું. અમેરિકન, ડેલ્ટા, સાઉથવેસ્ટ, યુનાઈટેડ અને ફ્રન્ટીયરએ પણ ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે. લોકો કોઈપણ વધારાના ફી વગર તેમની ટિકિટ બદલી શકે છે. કંપનીએ કહ્યું કે થર્ડ-પાર્ટી વેબસાઈટ્સ દ્વારા બુકિંગ ન કરો. એરલાઈન સાથે સીધા બુકિંગ કરો. જો ફ્લાઈટ રદ થાય છે, તો એરલાઈન્સ રિફંડ આપશે, પરંતુ હોટેલ અથવા અન્ય ખર્ચાઓને આવરી લેશે નહીં. એજન્ટોને પગાર વગર કામ કરવાની ફરજ પડી વિરોધ પક્ષોએ તેને રાજકીય ચાલ ગણાવ્યો છે. ડેમોક્રેટ્સ કહે છે કે તે ટ્રમ્પ વહીવટીતંત્રનો ડેમોક્રેટ્સ પર દબાણ લાવવાનો માર્ગ છે. ટેનેસી ડેમોક્રેટિક કોંગ્રેસમેન સ્ટીવ કોહેને કહ્યું, 'આ ટ્રમ્પ દ્વારા એક રાજકીય ચાલ છે. ડેમોક્રેટ્સને બજેટ અને પ્રાથમિકતાઓ સ્વીકારવા દબાણ કરવાનો પ્રયાસ જે આરોગ્ય અને પોષણ લાભોમાં ઘટાડો કરે છે.' અમેરિકામાં શટડાઉનને કારણે 13,000 નિયંત્રકો અને 50,000 ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એજન્ટ્સ (TSA) પગાર વગર કામ કરી રહ્યા છે. ટ્રમ્પ સમર્થકો ડેમોક્રેટ્સ પર દોષારોપણ કરી રહ્યા છે. ટેક્સાસના રિપબ્લિકન સેનેટર ટેડ ક્રુઝે કહ્યું, 'FAAનો સલામતી ડેટા ચિંતાજનક હતો. મોટાભાગના સ્ટાફ ગેરહાજર છે કારણ કે તેમને પગાર મળતો નથી.' અમેરિકાના ઈતિહાસમાં સૌથી લાંબો શટડાઉન 1 ઓક્ટોબરથી શરૂ થયેલ યુએસ સરકારી શટડાઉન હવે 38 દિવસ સુધી પહોંચી ગયું છે. આ યુએસ ઈતિહાસમાં આ પ્રકારનું સૌથી લાંબુ શટડાઉન છે. અગાઉનું સરકારી શટડાઉન 2018માં રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન 35 દિવસ માટે હતું.



**1** દરરોજ 3300 કરોડ રૂપિયાના પગારનું નુકસાન

**2** કોંગ્રેસનલ બજેટ ઓફિસ (CBO) અનુસાર, રજા પર રહેલા કર્મચારીઓને દરરોજ આશરે $400 મિલિયન (₹3,300 કરોડ) પગારનું નુકસાન થઈ રહ્યું છે.

**3** યુનાઈટેડ સ્ટેટ્સમાં સરકારી શટડાઉનને કારણે હવાઈ ટ્રાફિક પર ભારે અસર પડી છે. દેશભરના ઘણા એરપોર્ટ પર ફ્લાઈટ્સ મોડી પડી રહી છે અથવા રદ થઈ રહી છે.

શટડાઉનને કારણે 42 મિલિયન અમેરિકનો માટે ફૂડ સ્ટેમ્પ (SNAP) સહાય અટકી ગઈ છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA) પાસે આ કાર્યક્રમ માટે ફક્ત $5 બિલિયન અનામત છે, જ્યારે નવેમ્બર સુધી ફૂડ સ્ટેમ્પ ચાલુ રાખવા માટે $9.2 બિલિયનની જરૂર પડશે. વોશિંગ્ટન સ્થિત બાયપાર્ટિસન પોલિસી સેન્ટર અનુસાર, અત્યાર સુધીમાં 670,000 સરકારી કર્મચારીઓને રજા પર કાઢી મૂકવામાં આવ્યા છે, જ્યારે 730,000 લોકો પગાર વિના કામ કરી રહ્યા છે. આના કારણે આશરે 1.4 મિલિયન લોકો પોતાના ઘરનું ગુજરાન ચલાવવા માટે દેવા પર આધાર રાખે છે. આરોગ્ય સંભાળ કાર્યક્રમ માટે સબસિડી વધારવામાં ટ્રમ્પની અનિચ્છાને કારણે યુએસ સંસદના ઉપલા ગૃહ સેનેટમાં ભંડોળ બિલ પસાર થવામાં અવરોધ આવ્યો છે. આ બિલ પર અત્યાર સુધીમાં 14 વખત મતદાન થયું છે, પરંતુ દરેક વખતે બહુમતી માટે જરૂરી 60 મત નિષ્ફળ ગયા છે. કોંગ્રેસનલ બજેટ ઓફિસ (CBO) અનુસાર, રજા પર રહેલા કર્મચારીઓને દરરોજ આશરે $400 મિલિયન (3,300 કરોડ) પગારનું નુકસાન થઈ રહ્યું છે. CBO ના ડિરેક્ટર ફિલિપ સ્વેગેલે જણાવ્યું હતું કે શટડાઉનને કારણે સરકારી ખર્ચમાં વિલંબ થયો છે અને અર્થતંત્ર પર નકારાત્મક અસર પડી છે. આ અસર કંઈક અંશે ઓછી થશે,

## તંત્રી લેખ

# તેજપ્રતાપ યાદવએ ખુલાસો કર્યો, ચૂંટણી પરિણામો પછી શું થશે

નવીદિલ્હી: બિહાર વિધાનસભા ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન થઈ ગયું છે. પ્રથમ તબક્કાના મતદાન પછી આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવના તરછોડાયેલા પુત્ર અને જનશક્તિ જનતાદળના પ્રમુખ તેજપ્રતાપ યાદવએ બિહારમાં બનનાર હવે પછીની સરકાર બાબતે પોતાનું સ્ટેન્ડ સાફ કરી દીધું છે. ચૂંટણીના પરિણામો આવતા પહેલા જ એમણે કહી દીધું છે કે ૧૪ નવેમ્બર ૨૦૨૫ પછી તેઓ શું કરશે. તેજપ્રતાપ યાદવએ કહ્યું હતું કે 'ચૂંટણી પરિણામો પછી કોઈની પણ સરકાર બને જે સામાન્ય માણસને રોજગારી આપશે, સ્થળાંતર રોકશે, બિહારમાં બદલાવ લાવશે એમની સાથે તેઓ રહેશે. જનતા માલિક છે, જનતા નક્કી કરશે કે કોણ સત્તામાં રહેશે. મારા પિતાએ પોતે કહ્યું છે કે જો પ્રધાનમંત્રી બનવાનો મોકો મળે તો પણ જતો કરવો જોઈએ નહીં. જો મને મુખ્યમંત્રી બનવા મળે તો હું શા માટે આ મોકો જવા દઉં.'

જેએનયુની ચૂંટણીમાં એબીવીપીની હાર, 'લાલ સલામ'ની તમામ બેઠકો પર જીત, દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવસટી (જેએનયુ)ની વિદ્યાર્થી ચૂંટણી હંમેશા ચર્ચામાં રહે છે. દેશ અને રાજ્યમાં ભલે ભાજપની સરકાર હોય, પરંતુ જેએનયુના વિદ્યાર્થીઓ હંમેશા સામ્યવાદી વિચારધારા પસંદ કરે છે. હંમેશની જેમ આ વખતે પણ ચારે બેઠકો પર ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીને હાર મળી છે. ડાબેરી વિચારસરણીમાં માનતા અદીતી મિશ્રા પ્રમુખ તરીકે ચૂંટાયા છે. ઉપપ્રમુખ તરીકે કે ગોપીકા, મહામંત્રી તરીકે સુનીલ યાદવ અને સંયુક્ત મંત્રી તરીકે દાનીસ અલી ચૂંટાયા છે. દિલ્હીમાં જ્યારે પણ વિદ્યાર્થી આંદોલન થાય છે ત્યારે જેએનયુના વિદ્યાર્થીઓ અગ્રેસર હોય છે. ૨૦૨૦માં જ્યારે સીએએ વિરુદ્ધ દિલ્હીમાં આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે જેએનયુના વિદ્યાર્થીઓએ પણ દેખાવો કર્યા હતા. ત્યાર પછી જેએનયુના કેટલાક વિદ્યાર્થીઓની ધરપકડ પણ થઈ હતી જેમાંથી હજી કેટલાક જેલમાં છે. વંદે માતરમના ઉત્સવ બાબતે કાશ્મીરમાં વિરોધ શા માટે, વંદે માતરમની રચનાને ૧૫૦ વર્ષ પુરા થયાના પ્રસંગએ કેન્દ્ર સરકારે દેશ આખામાં ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું છે. દેશની તમામ સ્કૂલોમાં વંદે માતરમ ગાવું ફરજીયાત બનાવવામાં આવ્યું છે. જોકે સરકારના આ નિર્ણયનો વિરોધ જમ્મુ-કાશ્મીરની સ્કૂલોમાં થઈ રહ્યો છે. કાશ્મીરના મુસ્લિમ ધર્મગુરુઓએ પણ નારાજગી બતાવી છે. એમના કહેવા પ્રમાણે વંદે માતરમ ગાવાનું ફરજીયાત કરવું એ મુસ્લિમોની ધાર્મિક બાબતોમાં દખલગીરી છે. સરકારે આ આદેશ પાછો લેવો જોઈએ. સરકારના આદેશ પ્રમાણે વિવિધ સ્કૂલોમાં ૭ નવેમ્બર ૨૦૨૫થી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થશે. સરકારનું કહેવું છે કે આ કાર્યક્રમને કારણે યુવાનો અને વિદ્યાર્થીઓમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાનો વિકાસ થશે. જમ્મુ-કાશ્મીરમાં મુતહીદા મજલીસ એ ઉલેમાંની બેઠક મળી હતી અને સરકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો હતો.ભારતની માફક અમેરિકામાં મેયર ફક્ત નામ માત્રના નથી હોતા, આપણા દેશમાં મેયર ફક્ત દેખાડા પુરતા હોય છે. મેયરનું કામ ફક્ત ઉદઘાટનો કરવાનું અને સરકારી કાર્યક્રમોમાં હાજર રહેવાનું હોય એવું ઘણા માને છે. જોકે અમેરિકાની વાત જુદી છે.

# બ્લિંકીટ અને બિગ બાસ્કેટ જેવી કંપનીઓ એ ગૃહિણીઓનાં માસિક બજેટ વીખી નાખ્યા છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હમણાં તો નાનીમા ઓન ડ્યુટી પર છે, એટલે કંઈ નવું લખાતું નથી! ચિંતન તો સહજ છે,પણ વાર્તા ને એવું, એટલે મોટીવેશન મળે એ માટે મારા જ જૂનાં લેખ જોતી હતી, તો ગયાં વર્ષે ફુગાવાનો દર 6.2 હતો અને આ વર્ષે હજી બહાર નથી પડ્યો, પણ ચેટ જીટીપીનાં આધારે 3.34 જેવો નીકળે! આ આંકડો કંઈ રીતે નીકળતો હશે એ તો રામ જાણે, કારણ કે એકવાર જે વાસ્તુના ભાવ વધે એ પછી મોટેભાગે ઉતરતાં નથી. ગયાં વર્ષે ગુજરાતનું કોસ્ટ ઓફ લિવિંગ 46000 હતું, અને આ વર્ષે 47000 જેટલું છે ! બંને માં વિરોધાભાસ છે, આની પરથી એક વાત નક્કી છે, કે લોકો એક બાજુથી મોંઘવારી વધતી જાય છે, એવી રાડો પાડે છે, પણ આવક હોય કે ન હોય બધાને જીવવું તો છે લક્ઝેરિયસ! હમણાંની જ વાત કરીએ તો, તહેવારોમાં તો ન જાણે કેટલીય ઓન લાઈન શોપિંગની એપ શરૂ થઈ હતી, અને એમાં પણ લગભગ બધામાં નફો કમાઈ લેવા સેલ હતું! એક્સચેન્જ ઓફર અને રિટર્ન પોલિસી હોવાથી લોકોને પણ ઘર બેઠાં જે જોઈએ તે મળતું હોવાથી ફાયદો જ ફાયદો! પહેલા તો કપડાં અને અને ફેશન એસેસિરિઝની જ ઓન લાઈન ખરીદી થતી, પછી કિચન વેર અને ઈલેક્ટ્રોનિક આઈટમ ! હવે તો સોનું ચાંદી પણ.

કરિયાણું, શાકભાજી, ફ્રુટ, અને દવાઓ પહેલાં ઓનલાઈન નહોતું. પરંતુ હમણાં છોકરાંવ ઘરે ભેગાં થયાં હોવાથી ઓચિંતા બધાં ખાણીપીણીનાં પ્રોગ્રામ બને! લેટ નાઈટ બધાં બેઠા હોય અને આઈસક્રીમ અને તરત બ્લિંકીટ! તો 20 મિનિટમાં હાજર, એટલે કે હવે બ્લિંકીટ અને બિગ બાસ્કેટ જેવી કંપનીઓ મોટાભાગના શહેર પર કબજો કર્યો છે! અને એમાં તો એ ટુ ઝેડ વસ્તુઓ આંખનાં પલકારામાં, એટલે કે મેક્સિમમ 20 થી 30 મિનિટમાં આપણને મળી જાય છે! ટૂંકમાં આખું બજાર એમણે કવર કરી લીધું છે, આવી કંપનીઓથી રિટેલ વેપારી ને નુકસાન છે કે નહીં! એ વિશે આજે વાત કરવી નથી, સુવિધાની રીતે જોઈએ તો ખરેખર ખૂબ સારું લાગે, અને કોઈ એક ચીજ વસ્તુ વગર આપણું કામ અટકે નહીં, દાખલા તરીકે છેક સુધી નોકરી કરનાર ને દિવાળી ના કોડિયા, તોરણ, અને ફ્લાવર પોટ પણ બ્લિંકીટમા મળે, અને એ પણ વ્યાજબી કિંમતે! પરંતુ આ એક સુવિધા, આપણું આર્થિક બજેટ વીખી નાખે, પ્લસ આજની પેઢીને વધુ આળસુ બનાવી રહી છે. એક તો ફ્યુઝન વાનગીઓ ખાવાની આદતો વધતી જાય છે, અને એમાં જોબ પણ બેઠાડુ! એટલે શરીર રોગનું ઘર બનતા વાર નથી લાગતી.

આ બધી કંપનીઓ એ ધીરેધીરે હવે પગ પેસારો કર્યો છે, એટલે કે ખરીદી પર ડિલિવરી ચાર્જ લાગે! ઘણી વખત તો વસ્તુ કરતાં ડિલિવરી ચાર્જ વધુ થાય! પણ 200 ઉપરની ખરીદી હોય તો ડિલિવરી ચાર્જ ફ્રી, અને મોટેભાગે બધાં 200 મેળ કરીને જ ઓર્ડર કરે, એટલે ઘણીવાર જોઈતું હોય કે ન જોઈતું હોય, એમ વસ્તુના ઢગલા થાય, અને ફ્રુટ કે શાકભાજી હોય તો અંતે વપરાયાં પહેલાં બગડી જાય! અથવા જુવાનીયા 200 નો મેળ કરવા મેગી, રામેન, કે વેફર, બિસ્કીટ, જેવાં પેકેટ ફુડનો ઓર્ડર કરે! અને અંતે એ બધું અન હેલ્થી! આખું વિશ્વ હવે જાણી ગયું છે, કે ભારતીયોને સ્વાદનાં ચટાકા બહુ છે, અને એમાં પણ ગુજરાતી ઓ તો વાત પુછોમાં! તો આ કારણ છે, દિવસે દિવસે વધતી જતી મોંઘવારી નું! અથવા તો વધતા જતાં કોસ્ટ ઓફ લિવિંગ નું, કારણ કે મોંઘવારી હંમેશા ડિમાન્ડ પર આધારિત છે! જો આપણે જ અમુક વસ્તુઓનાં વપરાશ પર પ્રતિબંધ મુકી દઈએ તો આપોઆપ એનાં ભાવ ઊતરે અને કદાચ ન ઉતરે તોય આપણો તો ફાયદો જ છે કે, વસ્તુ વગર ચલાવતા આવડી જાય.

19મી સદીમાં માણસની આટલી જરૂરિયાત નહોતી, અથવા તો ઓનલાઈન ધંધો તો હતો જ નહીં, એટલે ત્યારે લોકોને પોતાની કમાણીના રૂપિયા પોષાતા. આજે ગમે તેટલું કમાવા છતાં રૂપિયા દેખાતા નથી, એનું કારણ આપણી માંગ વધી છે, એ જ્યારે આપણને સમજાય, ત્યારે જ આપણે આ મોંઘવારીને નાથી શકીએ. બહુ પાછળ જવાની ક્યાં જરૂર છે આપણા પૂર્વજોના જીવન જોઈએ તો આપણને તરત સમજાઈ જાય કે આજની આ આધુનિક જીવન પદ્ધતી કેટલી ખર્ચાળ છે. શાકભાજીમાં બે શાક લઈએ ત્યાં સો રૂપિયા થઈ જાય, કરિયાણાના પાંચસો થાય, દૂધ છાશ દહીંનાં વળી પાછા સો બસ્સો, નાસ્તો અને બેકરી આઈટમ થઈને ફરી પાછા બીજા ત્રણસો-ચારસો આમ આખા દિવસનો ચાર કે પાંચ જણાનો ખર્ચ હજાર દોઢ હજાર આરામથી ! અંદાજે 50 હજાર રૂપિયા કમાતો હોય તો, એમાંથી ઘરભાડું, ઘરનું હોય તો બેંક નો હપ્તો, લાઈટ બિલ, રાંધણ ગેસ,અને કામ કરનારનાં વગેરે બાદ કરતાં, પછી પચ્ચીસ હજાર રૂપિયા હાથમાં બચે. દૈનિક ખર્ચ દોઢ હજાર રૂપિયા હોય, તો બાકીની ખોટ કેમ પૂરી કરવી!! એટલે માંગ ઘટે નહીં ત્યાં સુધી મોંઘવારી ઓછી થાય નહીં, એ એક સીધીસાદી વાત આપણે સમજી લેવી પડે.

મૂળ વાત એ છે કે હવે દરેક ગુજરાતીએ વિચારવાનો સમય આવી ગયો છે, કે શું તે આમ જ જીવશે! અને એનો જવાબ સો ટકા હાં જ હશે! અને તો પછી આવતાં દસ વર્ષમાં ગુજરાતનું કોસ્ટ ઓફ લિવિંગ કદાચ એક લાખ આરામથી હશે! અને આ તો પાછું આપણી જેવા સામાન્ય વર્ગનું, એટલે કે લો મીડલ ક્લાસ, જ્યારે અપર મીડલ ક્લાસને તો દોઢ બે પણ ઓછાં પડશે! જે ખરેખર વધુ છે. આમાં પાછું મેડિકલ અને હરવાં ફરવાનું તો એક્સ્ટ્રા! વિચારો વિચારો... સમય હજી આપણા હાથમાં છે! મોંઘવારીનો સૌથી પહેલો નિયમ જ્યાં જરુરીયાત વધુ ત્યાં મોંઘવારી વધું! શું આપણે આપણા વડીલોની જેમ જરુરીયાત ઓછી કરીને જીવી ન શકીએ! કારણકે સાચી ખુશી કે આનંદ આ એકપણ ભૌતિક સાધનો આપી શકતા નથી! હાં સુખમળે, પણ સુખ ક્ષણિક હોય છે! જેમ કે આઈસ્ક્રીમ! જીભ પર સ્વાદ રહે ત્યાં સુધી!અને આપણે આવા ક્ષણિક સુખ માટે લાખો રૂપિયા અત્યાર સુધીમાં જીવન યજ્ઞમાં હોમી દીધાં! રુપિયા એ આજના યુગની સૌથી આવશ્યક વસ્તુ માંની એક છે! અને આવું જ જીવન ધોરણ રહેશે તો અત્યારે જે તે થોડાં ઘણાં અંશે જોવા મળે છે, એ વ્યવહાર અને સંબંધોની પણ બોલી લાગશે! લગ્ન વગેરેમાં તો અત્યાર સુધી દિકરા વાળાની શરતો રહેતી, પણ હવે દિકરી વાળા લક્ઝરિયસ ફ્લેટ, ગાડી અને મિનીમમ બેંક બેલેન્સ ઉપરાંત બીજા અન્યની ડિમાન્ડ રાખતા થઈ ગયા છે! પીત્ઝા પાસ્તા કસ્ટમાઈઝ કરીએ તો વ્યાજબી કહેવાય, પણ સંબંધો કસ્ટમાઈઝ કરીને એક પરિવારમાં રહેવાની તૈયારી હોય તો કોસ્ટ ઓફ લિવિંગની ચિંતા નથી! બાકી તો પછી વિચારી લેજો ગુજરાતીઓ! પરિવારમાં જેટલાં જણ છે, એટલાંના ખાલી કપડાં જ અલગ હોય, પણ હવે તો સાબુ, શેમ્પૂ, પેસ્ટ, સ્પ્રે, દૂધ ઘી, બધું જ જુદું થતું જાય છે, અને એ સમય દૂર નથી, જ્યાં દરક ઘરમાં ડોક્ટર, ડાયેટિશયન અને કુક પણ અલગ અલગ ..જય હિન્દ.




# વંદે માતરમ્ : આઝાદીની ક્રાંતિની ચેતના બનેલા ગીતના 150 વર્ષ

- ૭ નવેમ્બર ૧૮૭૫માં પહેલી વખત એક સાહિત્યિક ગોષ્ઠીમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાનું ગીત વંદે માતરમ્ ગાયું. પહેલી વખત આ ગીતની જાહેરમાં રજૂ કરવામાં આવ્યું હતું : બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ૧૮૭૨-૭૩માં પહેલી વખત આ ગીતની રચના કરી હતી. ત્યારબાદ તેમણે ૧૮૭૫-૭૬માં તેમાં બીજો ફેરફાર કર્યો હતો. ત્યારબાદ ૧૮૮૧-૮૨માં તેમણે આનંદમઠ નવલકથામાં આ ગીતનો ફરીથી ઉપયોગ કર્યો અને તેમાં ત્રીજો ફેરફાર કર્યો. આ ફેરફાર કરવા અને ગીતને અંતિમ સ્વરૂપ આપવામાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે આઠ થી ૧૦ વર્ષનો સમય લીધો હતો : ૧૮૫૮માં સ્નાતક થઈને તેમણે બ્રિટિશ ઈન્ડિયન સિવિલ સર્વિસ ક્લિયર કર્યું. તેઓ ડેપ્યુટી મેજસ્ટ્રેટ અને ત્યારબાદ ડેપ્યુટી કલેક્ટર બન્યા હતા. તેમણે ૨૪ વર્ષ સુધી કામગીરી કરી હતી. તેઓ નોકરી કરવા દરમિયાન સીધી રીતે અંગ્રેજોનો વિરોધ કરી શકતા નહોતા તેથી પોતાના લેખન અને સર્જન થકી આ કામ કરતા હતા

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાન એક દિવસ સાંજે પોતાના ગામમાં લટાર મારવા નિકળ્યા હતા. કુદરતી સૌંદર્ય અને આસપાસના વાતાવરણથી એટલા બધા પ્રફુલ્લિત અને પ્રભાવિત થઈ ગયા કે, તરત જ કલમ અને કાગળ કાઢયા અને પહેલી વખત વંદેમાતરમ્ ગીતની ચાર પંક્તિઓ લખી કાઢી. આ વાત છે દેશના રાષ્ટ્રગીત ગણાતા વંદે માતરમના સર્જનની. દેશને પહેલી વખત વંદે મારતમ્ ગાન મળ્યું તેના પહેલાં અનેક વખત કાગળ ઉપર તેનું સર્જન અને વિસર્જન થયું હતું. આખરે ૭ નવેમ્બર ૧૮૭૫માં પહેલી વખત એક સાહિત્યિક ગોષ્ઠીમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાનું ગીત વંદે માતરમ્ ગાયું. પહેલી વખત આ ગીતની જાહેરમાં રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધીમે ધીમે આ ગીત લોકબોલીએ ચડવા લાગ્યું અને લોકહૃદયમાં સ્થાન પામવા લાગ્યું. ખાસ કરીને આઝાદીની લડાઈ લડી રહેલા સ્વાતંત્ર સેનાનીઓની જીભે સતત અને કાયમ આ ગીત રમવા લાગ્યું હતું. ધીમે ધીમે સમગ્ર દેશવાસીઓની જીભે આ ગીત ચડી ગયું અને આઝાદીની લડાઈમાં રાષ્ટ્ર ચેતનાનું ગીત બની ગયું.

મહત્ત્વની વાત એ છે કે, બંકિમચંદ્ર દ્વારા તો આ ગીત માત્ર સાહિત્ય ગોષ્ઠીમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ ગીતને જાણીતું બનાવવામાં તો ઘણા નેતાઓ અને લોકોનો ફાળો છે. ખાસ કરીને ૧૮૯૬માં અધિકારિક રીતે કોંગ્રેસના અધિવેશનમાં આ ગીત રજૂ કરવામાં આવ્યું હતું. તે વખતે બીજા કોઈ નહીં પણ રવીન્દ્રનાથ ટાગોરે મંચ ઉપરથી બંકિમચંદ્રની આ રચના રજૂ કરી અને આ ગીત લોકહૃદયની જ્યોતિ બની ગયું. રાષ્ટ્રવાદની અને આઝાદીની ચેતનાનો ભાગ બની ગયું. ઉલ્લેખનીય છે કે, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે જ્યારે આ ગીતની રચના કરી હતી ત્યારે તો તેઓ અંગ્રેજ સરકારના કર્મચારી હતી. તેઓ નદિયા જિલ્લાના ડેપ્યુટી મેજિસ્ટ્રેટ તરીકે કામ કરતા હતા. તેમના આ સર્જનના થોડા વર્ષો બાદ ૭ નવેમ્બર વંદે માતરમ્ દિવસ તરીકે પણ ઉજવાતો હતો. હવે જ્યારે આ ગીતને દોઢ સદી પૂરી થઈ છે ત્યારે તેના ઈતિહાસ અને રચના ઉપર એ નજર માંડવા જેવી છે. અંગ્રેજોએ જ્યારે બંગાળનું વિભાજન કર્યું ત્યારે ૭ નવેમ્બર ૧૯૦૫ના રોજ વંદે માતરમ્ના સૂત્રોચ્ચાર સાથે સમગ્ર કોલકાતામાં વિશાળ રેલીઓ નીકળી હતી. તે સમયે માત્ર વંદે માતરમનું સૂત્ર જ નહીં પણ સમગ્ર ગીત પણ લોકો લાગણી અને અંગ્રેજો સામેના આક્રોશનું પ્રતિક બની ગયું. સમગ્ર બંગાળમાં આ ગીત જોરશોરથી ગવાતું થઈ ગયું.

કહેવાય છે કે, બંકિમચંદ્ર નદિયા જિલ્લના કાંતલપાડા ગામમાં એક દિવસ સાંજે લટાર મારવા નીકળ્યા હતા. તે વખતે મંદ મંદ વહેતો પવન અને આસપાસની હરિયાળી જોઈને તેઓ પ્રફુલ્લિત થઈ ગયા. આ ઘટનાએ તેમના મનમાં માતૃભૂમિ વિશે વધુ ઉંડો પ્રભાવ ઊભો કર્યો અને તેમણે આ ગીતની ચાર પંક્તિઓ પોતાની ડાયરીમાં ટપકાવી દીધી. જાણકારોના મતે વંદે માતરમ્ જ્યારે રચાયું ત્યારે માત્ર ચાર જ પંક્તિઓમાં લખાયેલું ગીત હતું જેમાં ભારતને માતા તરીકે સંબોધન કરવામાં આવ્યું હતું. ઈતિહાસકારો એવું પણ નોંધે છે કે, બંકિમચંદ્ર દ્વારા તે સમયે બંગાળી ભાષાનું મિશ્રણ ધરાવતી સંસ્કૃત ભાષામાં આ ગીત રચવામાં આવ્યું હતું. તેમાં માત્ર માતૃભૂમિની સુંદરતાનું વર્ણન કરાયું હતું. તે સમયે કોઈ ધાર્મિક અથવા અન્ય કોઈ પ્રતિકોનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો.

ઈતિહાસકારો માને છે કે, ૧૮૭૫માં જ એક સમયે સામાજિક અને રાજકિય વાતાવરણ બદલાયું અને તેના પગલે બંકિમચંદ્ર દ્વારા આ જ ગીતને નવેસરથી લખવામાં આવ્યું. આ તેની બીજી આવૃત્તિ કહી શકાય તેમ હતું. તે સમયે બંગાળમાં સામાજિક અને ધાર્મિક સ્થિતિ થોડી ખરાબ ચાલી રહી હતી. તે સમયે લોકોમાં અને દેશવાસીઓમાં આત્મગૌરવની લાગણી જન્માવવા માટે તેમણે આ ગીતને નવેસરથી લખ્યું. તેમણે જૂની પંક્તિઓ વિશે વિચાર કર્યો અને તેમાં નવા સુધારા કર્યા. તેમણે હવે માતાને ભારત માતા અને દેવી બંને રીતે રજૂ કર્યા. તેમની આ રચનામાં સંસ્કૃત શ્લોક જેવા વર્ણન આવતા હતા. તેમણે દેશભક્તિ અને ધાર્મિક આસ્થાને રજૂ કરતા ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી જેવા રૂપકોનો પણ ઉપયોગ કર્યો હતો. આ રીતે વંદેમાતરમનું એક નવું જ સ્વરૂપ સામે આવ્યું હતું. બંકિમચંદ્ર અહીંયાથી જ અટક્યા નહોતા. થોડા સમય બાદ તેમણે આ ગીતને વધુ એક સ્વરૂપ આપ્યું હતું. તેમણે ફરી તેના કેટલાક શબ્દો અને પંક્તિઓમાં ફેરફાર કર્યો હતો. તેમણે આનંદમઠ નવલકથાની રચનામાં આ ગીતનો ઉપયોગ કર્યો હતો. ૧૮૮૧-૮૨માં પ્રસિદ્ધ થયેલા આનંદમઠમાં આ ગીતનો ઉપયોગ કરાયો હતો. વર્ષો પહેલાં તેમને જે લાગણી થઈ હતી તે લાગણીઓ પોતાની નવલકથાના પાત્રોની લાગણીઓમાં વ્યક્ત કરીને તેમણે આ ગીતને ત્યાં રમતું મૂક્યું હતું. નવલકથામાં બતાવાયું છે કે, સાધુ અને સૈનિકો દ્વારા વિદ્રોહ દરમિયાન આ ગીત ગવાતું હોય છે. તેઓ માતૃભૂમિને દેવી તરીકે પૂજતા હોય છે અને તેઓ સત્તા સામે વિરોધ અને વિદ્રોહ કરવા દરમિયાન આ ગીતનો ઉપયોગ કરતા હતા. આ નવલકથામાં ગીતને અંતિમ સ્વરૂપ અપાયું અને તેમાં ૧૨ શ્લોકનો સમાવેશ કરાયો હતો.

# જીવ પાપ કરે છે ત્યારે ઈશ્વર ને દુઃખ થાય છે.મન મેલું હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથી માટે મનમાંથી મલિનતા કાઢી નાખો.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કોઈ દિવસ પાપ થયું હોય અને સેવા કરો તો તે દિવસે પ્રભુ નારાજ થયેલો દેખાશે. જીવ પાપ કરે છે ત્યારે ઈશ્વરને દુઃખ થાય છે મન મેલું હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથીમાટે મનમાંથી મલિનતા કાઢી નાખો.સેવામાં કેવી ભાવના અને દૃઢતા જોઈએ.એ બાબતમાં નામદેવ મહારાજનો દાખલો આગળ કહેવાઈ ગયો છે તોયે ફરી સાંભળવાનો આનંદ છે. નામદેવ ત્રણ વર્ષના હતા.ઘરમાં વિઠ્ઠલ નાથની પૂજા હતી.પિતાને બહાર ગામ જવાનું થયું છે. નામદેવને પૂજાનું કામ સોંપ્યું.પિતા સમજાવે છે કે,બેટા,ઘરના માલિક વિઠ્ઠલનાથ છેતેની સેવા કર્યાવગર ખાઈએ તો પાપ લાગે.આ ઘરમાં જે કાંઈ છે તે આપણું નથી,વિઠ્ઠલ નાથનું છે.સર્વના માલિકવિઠ્ઠલ નાથ છે.માટે પહેલો ભોગ ઠાકોર જીને ધરાવો પછીતે પ્રસાદ ગ્રહણ કરવો.બેટા,સવારમાં વહેલો જાગજે. નહાઈ ધોઈ, પવિત્ર થઈ ભગવાનની પ્રાર્થના કરવી.પછી ઠાકોરજીને જગાડવા. તે પહેલાં ભોગ સામગ્રી તૈયારી રાખવી. પછી ધીરેધીરે એમના ચરણ પખાળવાં. તેમને સ્નાન કરાવી એમના મુખારવિંદની ઝાંખી કરવી પછી ભગવાનને શૃંગાર કરવો. પૂછવું કે પીતાંબર લાવું?ઠાકોરજી ના શૃંગારમાં અપૂર્વ આનંદનો અનુભવ થશે.શૃંગાર કર્યા પછી ભોગ અર્પણ કરવાનો. ઠાકોરજી ને દૂધ ધરાવવાનું. વારંવાર પ્રાર્થના કરવી કે, તમારે જરૂર નથી.પણ તમે આરોગો એવી મારી ભાવના છે.ફરી ફરી આમ પ્રાર્થના કરવી. ઠાકોરજી દૂધ આરોગે,પછી તેમાં થી પ્રસાદ લેવો આમ સેવા કરી છેલ્લે ઠાકોરજીને સાષ્ટાંગ પ્રણામ કરવા.

નામદેવે પિતાજીએ કહેલી સર્વ વાત સાચી માની લીધી. નામદેવ ના મનમાં ઠસી ગયું કે,ભગવાન દૂધ પીશે.વાત ઠસી ગઈ કે, પરમાત્મા જમે છે. પ્રાતઃકાળમાં ચારવાગ્યે બાળક ઊઠ્યોભગવાન ને પ્રેમથી જગાડ્યા. ઠાકોરજીના ચરણ પખાળી સુંદર શણગારકર્યો વિઠ્ઠલનાથ પ્રસન્ન દેખાયા.નામદેવ દૂધ લઈ આવ્યો,વિઠ્ઠલ,તમે જગતને જમાડનાર છો.હું તમને શું જમાડી શકું! તમારું તમને અર્પણ કરું છું.

નામદેવ વારંવાર વિઠ્ઠલનાથને મનાવે છે. વિનવણીઓ કરે છે પણ વિઠ્ઠલ દૂધ પીતા નથી. કેવળ પ્રેમથી નામદેવને નિહાળે છે. નામદેવ કહે, દૂધ કેમ પીતા નથી? જલદી પીઓ. તમને ભૂખ લાગી હશે.તો ભગવાન દૂધ પીતા નથી

ત્યારે નામદેવે રુસણું લીધું.કહે, વિઠ્ઠલ, તમે દૂધ પીશો નહીં તો હું તમારા આગળ માથું પછાડીશ! બાળક જ્યાં માથું પછાડવાતૈયાર થયો કે, પરમાત્માએ દૂધનો કટોરો ઊઠાવ્યો.મૂર્તિ જડ નહીંપણચેતન બની છે.વિઠ્ઠલ દૂધ પીતા હતા. નામદેવને આનંદ થયો.આશાહતી વિઠ્ઠલનાથ થોડો પ્રસાદ આપશે તે બોલી પડ્યો,વિઠ્ઠલનાથ,તમને આજે શું થયું છે?તમે એકલા દૂધ પી જશો?મને દૂધ પીવડાવો અને વિઠ્ઠલનાથે નામદેવને ગોદમાંલીધો નામદેવે વિઠ્ઠલનાથને દૂધ પીવડાવ્યું અને વિઠ્ઠલનાથે નામ દેવને દૂધ પાયું.ભક્તિ પ્રેમ અને સેવા વગર સફળ થતી નથી.આ પ્રેમમાં એવી શક્તિ છે કે,નિષ્કામ સકામ બને છે, નિરાકાર સાકાર બને છે. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે.સેવા કરતાં હૃદય પીગળે અને આંખમાંથી આંસુ નીકળે તો માનજો સેવા કરી. આપણા જ હૃદયનો પ્રેમ મૂર્તિમાં જાય છે ને મૂર્તિ ચેતન બને છે. પ્રેમમાં આવો ચમત્કાર કરવાની શક્તિ છે.આ જ્ઞાનમાં નથી. બિંબને શણગારો તો પ્રતિબિંબ સુંદર લાગશે.દ્રૌપદીનીપરમાત્મા એ લાજ રાખી.પછી એકાંતમાં શ્રીકૃષ્ણ દ્રૌપદી મળ્યાં.દ્રૌપદીએ પ્રભુનો ઉપકાર માન્યો.પ્રભુ કહે છે,મેં કાંઈ ઉપકાર કર્યો નથી. આજે મેં તારું ઋણ ચૂકવ્યું છે. તને યાદ નથી,પણ મને યાદ છે. એક મારી આંગળી કપાઈ ત્યારે સર્વ રાણીઓ પાટો લેવા મહેલમાં દોડી.પણ તેંતારી સુંદર સાડી ફાડી તરત પાટો બાંધ્યો.તારા પાટાના ધાગા ની મેં ગણતરી કરેલી. પાટામાં ૯૯૯ ધાગા હતા.ત્યારથી મેં વિચાર કરી રાખેલો કે,બહેનને ૯૯૯ સાડી પહેરાવીશ.હું આજે તારા ઋણમાંથી મુક્ત થયો છે.

પ્રહલાદ પ્રભુની સ્તુતિ કરે છે,હે પ્રભુ,તમારા ઉગ્ર સ્વરૂપથી દેવો ડરે છે,પણ હું ડરતો નથી.પણ નાથ,ખરું કહું,મને તો કેવળ આ સંસારની બીક લાગે છે.હું તો કેવળ આ અસહ્ય અને ભીષણ સંસારચક્રમાં પિસાઈ જવાની બીકથી ફફડું છું.મારા કર્મથી હું બંધાયેલો પડ્યો છું.મારા પર દયા કરો.મને તમારા ચરણકમળમાં સ્થાન આપો.હું તમારા શરણે છું. સંસારી લોકો આયુ, લક્ષ્મી અને વૈભવની આકાંક્ષા રાખે છે પણ મેં એ બધાની નિરર્થકતા જોઈ લીધી છે. મારા પિતાને ક્યાં કોઈ વાતની ખોટ હતી. સ્વર્ગનો વૈભવ એમની મુઠ્ઠીમાંહતો,પણ એમનો નાશથયો તેથી કોઈ વૈભવ કે ઐશ્વર્યની મને લાલસા નથી.હું એ બધાથી ધરાઈ ગયો છું. સંસારના અંધારા કૂવામાં કાળરૂપ સાપ કરડવાને તૈયાર છે.હું આ બધું જાણું છું ને એનાથી ડરુંછું,ફફડુંછું મારા મનનું કોઈ ઠેકાણું નથી.એ કંઈ કંઈ વાતોમાં ભટકાયા કરે છે.મારે એને સ્થિર કરવું છે,શાંત કરવું છે ને તમારા ચરણમાં સમર્પિત કરવું છે.મને એ શક્તિ આપો!પ્રહલાદજી કહે છે કે,મારું મન દુષ્ટ છે,અસાધુ છે. લાલસાઓથી ભરેલું છે,ચંચળ છે હર્ષ-શોક-ભય વગેરેથી પીડાય છે એથી હું લાચાર બની જાઉં છું, માટે પ્રભુ આ મનને વશ કરવાની મને શક્તિ આપો અને આપ મારું રક્ષણ કરો!

નૃસિંહસ્વામી આશ્વાસન આપતાં કહેછે,બેટા,બગડેલું મન ભગવાન ના નામ જપથી સુધરશે.પ્રહલાદ, તારું મન શુદ્ધ છે.તું ગભરા મા!

સવારનો સમય હતો.સૂર્યના કોમળ કિરણો બારીમાંથી ડોકિયું કરી રહ્યા હતા,પણ ઓરડામાં હજુ પણ અંધારું જ હતું, બરાબર રાજદીપના મનની જેમ. એક સમયે ખુશ ખુશાલ ઉર્જાવાન અને પ્રિય, રાજદીપ ઉદાસ થઈ ગયો હતો.તેને ન તો તેનું કામ ગમતું હતું કે ન તો તેના મિત્રો. બધું જ તેને બોજ જેવું લાગતું હતું.

એક દિવસ, તેની માતા ધીમે ધીમે રૂમમાં પ્રવેશી અને કહ્યું, 'દીકરા, ચાલો આજે મંદિર જઈએ.'

રાજદીપે થાકેલા સ્વરે કહ્યું, 'મમ્મી,મને એવું નથી લાગતું.' તેની માતા એ હસીને કહ્યું, 'ચાલ, બસ પાંચ મિનિટ...કદાચ મને ત્યાં શાંતિ મળશે.'

અનિચ્છાએ, રાજદીપ તેની સાથે મંદિર ગયો.ત્યાં, તેણે એક નાનો છોકરો મંદિરની બહાર તડકામાં તડકામાં તડકામાં ઊભો જોયો, પસાર થતા લોકોને પ્રસાદ વહેંચી રહ્યો હતો.તેના ચહેરા પર પરસેવો હતો,પણ તેનું સ્મિત સાચું હતું.રાજદીપે પૂછ્યું, 'શું તમે દરરોજ અહીં આવો છો?'

છોકરાએ માથું હલાવ્યું,'હા,ભાઈ હું સવારે શાળાએ જાઉં છું અને પછી સાંજે અહીં લોકોને મદદ કરું છું.

મને ભગવાનનું કામ કરવામાં મજા આવે છે.'

રાજદીપે ફરીથી પૂછ્યું, 'તમને થાક નથી લાગતો?' છોકરાએ કહ્યું, 'હું થાકી જાઉં છું, પણ જ્યારે કોઈ 'આભાર' કહે છે, ત્યારે મને લાગે છે કે મેં કંઈક સારું કર્યું છે. એ જ મારી એકમાત્ર ખુશી છે.'તેના શબ્દોએ રાજદીપને હચમચાવી નાખ્યો. તેને સમજાયું કે તે ઉદાસ છે કારણ કે તેના જીવનમાં હવે કોઈ હેતુ રહ્યો નથી. દરેક દિવસ ફક્ત પસાર થઈ રહ્યો હતો, પરંતુ તે તેને જીવી શકતો ન હતો. ઘરે પાછા ફરતા, તેણે તેની જૂની ડાયરી કાઢી, જ્યાં તેણે એક સમયે સપનાઓની લાંબી યાદી લખી હતી:ગરીબ બાળકો માટે પુસ્તકાલય ખોલવું, વૃક્ષો વાવવું અને લોકોને હસતા શીખવવું. તેણે પાના જોયા અને વિચાર્યું, 'મેં પોતે જ મારા જીવનનો અર્થ ગુમાવી દીધો હતો.'બીજા દિવસે, તેણે તેના વિસ્તારમાં બાળકોને શીખવવા માટે એક નાનું અભિયાન શરૂ કર્યું. શરૂઆતમાં,ત્રણ બાળકો આવ્યા, પછી દસ પછી વીસ.... દરરોજ સાંજે જ્યારે તે બાળકો હસતાં અને કહેતા, 'આભાર,ભાઈ,' ત્યારે રાજદીપને એવું લાગતું હતું કે જાણે તેના જીવનમાં ખરેખર સૂર્ય ઉગ્યો હોય.

થોડા મહિના પછી,જ્યારે કોઈએ તેને પૂછ્યું, 'તમે હવે આટલા ખુશ કેવી રીતે રહો છો?'

રાજદીપે હસીને કહ્યું,'કારણ કે હવે મારી પાસે આગળ વધવાનું કારણ છે... અને જ્યારે તમને જીવનમાં હેતુ મળે છે, ત્યારે હતાશા આપમેળે અદૃશ્ય થઈ જાય છે.'

જીવનનું દુઃખ ત્યાં સુધી ભારે લાગે છે જ્યાં સુધી આપણે આપણા અસ્તિત્વનું કારણ શોધી શકતા નથી.એકવાર હેતુ મળી જાય,પછી દરેક સવાર એક નવી શરૂઆત બની જાય છે.અસ્તુ.

# વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે જિલ્લા પંચાયત નડિયાદ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા. 08

કાર્યક્રમ અંતર્ગત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વંદે માતરમનું સામૂહિક ગાન કરી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા માટે સંકલ્પ લેવાયો, ભારતના રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૦૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ખેડા જિલ્લામાં પણ મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ.સોલંકી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોરની મુખ્ય ઉપસ્થિતિમાં, પંચાયત હોલ, જિલ્લા પંચાયત નડિયાદ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. આ અવસરે મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે વંદે માતરમ&★39; નારો પ્રત્યેક ભારતીય માટે અનંત ઊર્જાનો સ્ત્રોત છે. આજે વંદે માતરમ ગીતની સાર્ધ શતાબ્દી ઉજવણી નિમિત્તે તમામ જિલ્લાવાસીઓ સ્વદેશી ચીજ વસ્તુઓનો ઉપયોગ વધારે અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્નશીલ બને એવી અપીલ કમિશનરશ્રીએ કરી હતી. ડેપ્યુટી કલેકટર, લેન્ડ રિફોર્મ, શ્રી એચ. કે. ગઢવીએ પ્રાસંગિક ઉદબોદન આપતા વંદે માતરમ ગીતનું સાંસ્કૃતિક-ઐતિહાસિક મહત્વ અને વર્તમાન સમયમાં આ ગીતની પ્રસ્તુતતા રજૂ કરી હતી. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ વંદે માતરમ ગીતનું સામુહિક ગાન કર્યું હતું. સાથે જ ભારત દેશની સેવા અને સન્માન, સ્વદેશી ચીજ વસ્તુઓ અપનાવવા, સ્થાનિક રોજગારીને સમર્થન, પ્રાદેશિક ભાષાઓનો પ્રયોગ તથા પર્યાવરણ જતન સહિતની બાબતો પર પ્રાથમિકતાના ધોરણે અમલવારી કરવા શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, ડી.આર.ડી.એ ડાયરેક્ટર શ્રી લલિત પટેલ, ડેપ્યુટી કલેક્ટર, લેન્ડ રિફોર્મ શ્રી એચ. કે. ગઢવી સહિત રેવન્યુ, પંચાયત અને મહાનગરપાલિકાના મુખ્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાકૃતિક કૃષિ અપનાવીને પ્રકૃતિ અને ઈષ્ટ દેવની ખરા અર્થમાં પૂજા કરવા રાજ્યપાલશ્રી દેવવ્રતજીનું આહ્વાન

- પ્રાકૃતિક કૃષિ...પ્રકૃતિના શરણે પરિસંવાદ-૨૦૨૫'
- કમોસમી વરસાદને કારણે રાસાયણિક ખેતી કરનારાઓ કરતાં પ્રાકૃતિક કૃષિ કરનારને ઘણું ઓછું નુકસાન થાય છે- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

અમદાવાદ, તા. 08

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ખેડૂતોને જણાવ્યું હતું કે, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી (નેચરલ ફાર્મિંગ) અપનાવવાથી ખેત ઉત્પાદન વધે છે અને તે પર્યાવરણ તેમજ સ્વાસ્થ્ય માટે સંજીવની સમાન છે. વડોદરા જિલ્લાના વાંકાનેર ખાતે આજે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અંગે ગુજરાતમાં થઈ રહેલા ૯ લાખ જેટલા સફળ પ્રયાસોની નોંધ લેતા ખેડૂતોને ડર્યા વગર પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો તરફ ધ્યાન દોરતા જણાવ્યું કે, જે ખેડૂતો રાસાયણિક ખેતી કરી રહ્યા છે તેમની જમીન બંજર બની ચૂકી છે. કૃષિ વૈજ્ઞાનિકો અનુસાર જે જમીનનો ઓર્ગેનિક કાર્બન (OC) ૦.૫ થી નીચે હોય, તે બંજર ગણાય છે અને ગુજરાતમાં રાસાયણિક ખેતી કરતા મોટાભાગના લોકોના ખેતરોનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ થી નીચે આવી ગયો છે. યુરિયા, ડીએપી અને જંતુનાશકોએ ધરતીની ગુણવત્તા વધારનારા અને ખેડૂતના મિત્ર ગણાતા સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયા અને મિત્ર કીટકોનો નાશ કર્યો છે. ખેડૂતો જૈવિક ખેતી (ઓર્ગેનિક ખેતી) કરશે તો કદાચ ઉત્પાદન ઓછું થઈ શકે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદન ઓછું થતું નથી, પરંતુ ઊલટું વધે છે. તેમણે પ્રાકૃતિક ખેતી કરનારા ખેતરોની માટીનું ઓર્ગેનિક કાર્બન (OC) ૧ અથવા તેનાથી ઉપર છે અને તેમની જમીન જંગલની ભૂમિ જેવી બની ગઈ છે.

પ્રાકૃતિક ખેતીનો એક મોટો ફાયદો એ છે કે જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે તેઓ કમોસમી વરસાદને કારણે રાસાયણિક ખેતી કરનારાઓ કરતાં પ્રાકૃતિક કૃષિ કરનારને ઘણું ઓછું નુકસાન થાય છે કારણ કે પ્રાકૃતિક ખેતીમાં અળસિયાની આખી સેના જમીનમાં છિદ્રો (પોર્સ) બનાવે છે, જેના કારણે ધરતી માતા પાણીને પોતાના પેટમાં સમાવી લેવાની તાકાત વધારી દે છે. જ્યારે રાસાયણિક ખેતીથી બંજર થયેલી જમીન પાણી શોષી શકતી નથી, પરિણામે પાણી ખેતરોમાં ભરાઈ રહે છે અને પાક બરબાદ થઈ જાય છે. રાજ્યપાલશ્રીએ કમોસમી વરસાદ અને પર્યાવરણના દૂષણ માટે રાસાયણિક ખેતીના મોટા યોગદાન પર ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે જ્યારે ખેતરોમાં યુરિયા અને ડીએપીનો છંટકાવ કરવામાં આવે છે, ત્યારે તેમાં રહેલું નાઈટ્રોજન વાતાવરણના ઓક્સિજનના સંપર્કમાં આવતા નાઈટ્રસ ઓક્સાઈડ નામનો વાયુ પેદા થાય છે. આ નાઈટ્રસ ઓક્સાઈડ વાયુ પર્યાવરણ માટે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો વધારે ખતરનાક છે અને તે વાતાવરણને દૂષિત કરીને બેમોસમી વરસાદ જેવી આફતોમાં મોટો ફાળો આપે છે.. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ અપનાવીને પ્રકૃતિ અને ઈષ્ટ દેવની ખરા અર્થમાં પૂજા કરવા રાજ્યપાલશ્રી દેવવ્રતજીનું આહ્વાન કર્યું હતુ .

## નડિયાદ ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈએ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત કરાવી નામ નોંધણી

# ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈએ નામ અને વિગતોની ખરાઈ કરી ઈન્યુમરેશન ફોર્મ બી.એલ.ઓને સુપરત કર્યું



અમદાવાદ, તા. 08

ખેડા જિલ્લામાં ૦૪ નવેમ્બરથી ૦૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી આયોજિત મતદાન સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત નડિયાદ ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈને ઘર નડિયાદ શહેર, બી.એલ.ઓની ટીમ પહોંચી હતી. ટીમ દ્વારા ધારાસભ્યશ્રીને enumeration form (ગણતરી ફોર્મ) આપવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીએ નવી મતદાર યાદી માટે ગણતરી ફોર્મમાં સહી કરી આ ફોર્મ બી.એલ.ઓને સુપરત કર્યું હતું. તેમણે બી.એલ.ઓ ટીમ સાથે બેસીને મતદારયાદીની ખરાઈ કરી હતી. આ અવસરે ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એ મતદાર યાદી સુધારણાની નવી શરૂઆત છે. ધારાસભ્યશ્રીએ તમામ નગરજનોને જણાવ્યું હતું કે તેમના ઘરે આવતા બી.એલ.ઓને મતદાર યાદી સુધારણા પ્રક્રિયા હેઠળ નામ અને વિગતોની ખરાઈ કરવામાં સહયોગ આપે. આ મહત્વપૂર્ણ અને અનિવાર્ય પ્રક્રિયામાં સહભાગી બની મતદાર ભાઈઓ, બહેનો તથા યુવાઓ સહિત પ્રત્યેક નગરજનોને પોતાનો મત રજીસ્ટર્ડ થાય તે સુનિશ્ચિત કરવા ધારાસભ્યશ્રીએ અપીલ કરી હતી.

# પત્રકારોના આરોગ્યની ચિંતા સાથે – 'ફીટ ઈન્ડિયા, ફીટ મીડિયા' અભિયાન અંતર્ગત નડિયાદમાં હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો







- ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે નડિયાદમાં મીડિયાકર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનિંગનો કાર્યક્રમ યોજાયો
- પત્રકારોના આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયા અંતર્ગત નડિયાદમાં 30થી વધુ પત્રકારોએ કરાવી આરોગ્ય તપાસ
- વિવિક પ્રકારના ટેસ્ટ, ECG, એક્સ રે સહિતના જરૂરી પરીક્ષણોને આવરી લઈને પત્રકારોની સઘન આરોગ્ય તપાસ કરવામાં આવી
- મહિલાઓમાં વધી રહેલા બ્રેસ્ટ કેન્સરના જોખમને ધ્યાનમાં રાખીને મેમોગ્રાફીનો ટેસ્ટ પણ કરાયો

અમદાવાદ, તા. 08

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન-સામાન્યની આરોગ્ય સુખાકારીની હંમેશા ચિંતા કરી છે. તે માટે તેમણેની સંકલ્પના આપી છે. ત્યારે પ્રજાનો અવાજ બનતા પત્રકારોના આરોગ્યની ચિંતા કરી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મીડિયાકર્મીઓ માટે રાજ્યવ્યાપી હેલ્થ સ્ક્રીનિંગના કાર્યક્રમો યોજી ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયાના મંત્રને સાકાર કરવાની હિમાયત કરી છે. આ રાજ્યવ્યાપી કાર્યક્રમ અંતર્ગત આજે શહેરના સંતરામ સભા ગૃહ,બ્લડ બેન્ક હોલ ખાતે નડિયાદના પત્રકારોની સઘન આરોગ્ય તપાસ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી (ખેડા જિલ્લા શાખા) અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. હેલ્થ ચેક અપ માટેના આ ઉપક્રમનો લાભ લઈને નડિયાદ જિલ્લાના ૩૦થી વધુ પત્રકારોએ પોતાના સ્વાસ્થ્યને અગ્રિમતા આપી આરોગ્યની દરકાર કરી હતી. પત્રકારોને સારી સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે અને આરોગ્યનું સમયસર મૂલ્યાંકન થાય તે હેતુથી આયોજિત આ હેલ્થ ચેકઅપ કાર્યક્રમ સવારથી સાંજ સુધી ચાલ્યો હતો. જેમાં બ્લડ પ્રેશર મોનિટરિંગ, બ્લડ ટેસ્ટ સહિત વિવિધ પ્રકારના ટેસ્ટ અને ECG, એક્સ રે સહિતના જરૂરી પરીક્ષણને આવરી લેવામાં આવ્યા હતા. આ હેલ્થ ચેક અપ કેમ્પ થકી આરોગ્ય વિષયક સુવિધાઓને આવરી લઈને પત્રકારોની સ્વાસ્થ્ય સુરક્ષા પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. વિશેષ રૂપથી, અત્યારના સમયમાં મહિલાઓમાં વધી રહેલા બ્રેસ્ટ કેન્સરના જોખમને ધ્યાનમાં રાખીને રેડ ક્રોસના સેક્રેટરીશ્રી અનુપ દેસાઈના વિશેષ સહયોગથી મહિલાઓ માટે મેમોગ્રાફીનો ટેસ્ટ પણ ઉમેરવામાં આવ્યો હતો. મીડિયાકર્મીઓ માટેના આજના હેલ્થ સ્ક્રીનિંગના કાર્યક્રમમાં બ્લડ ગ્રુપ, બોડી પ્રોફાઈલ સહિત પ્રિલિમનરી ટેસ્ટ, લીવર અને કિડની ફંક્શન ટેસ્ટ, સાંધા અને હાડકા માટેના જરૂરી ટેસ્ટ, થાઈરોઈડ સ્ક્રીનિંગ, ડાયાબિટીક માર્કર, ECG, એક્સ રે અને મેમોગ્રાફી સહિત આરોગ્યની મુખ્ય સ્થિતિઓ માટે સ્ક્રીનીંગ કરવા માટેના જરૂરી પરીક્ષણોને આવરી લેવામાં આવ્યા હતા. આ હેલ્થ ચેક અપ કેમ્પમાં નડિયાદ જિલ્લાના ૩૦થી વધુ પત્રકાર મિત્રોએ ભાગ લીધો હતો.

# ૧૫ નવેમ્બરના રોજ આંબેડકર હોલ નડિયાદ ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમ યોજાશે

અમદાવાદ, તા. 08

૧૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આંબેડકર હોલ નડિયાદ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેના સંદર્ભમાં કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં, કાર્યક્રમનું સ્થળ, સફાઈ, બેઠક વ્યવસ્થા, સાઉન્ડ સિસ્ટમ, સુશોભન, આદિજાતિના લોકોની જન ભાગીદારી, રમત, શિક્ષણ, જાહેર જીવનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર આદિજાતિના લોકોનું સન્માન, યોજનાકીય લાભાર્થીઓની યાદી વગરે બાબતો પર કરવામાં આવનાર કામગીરી વિશે સમજૂતી આપવામાં આવી હતી. કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવે આ કાર્યક્રમના સફળ આયોજન માટે જનભાગીદારી, જન જાગૃતિ, યોજનાકીય લાભોનું વિતરણ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શક સૂચનો આપ્યા. ખાસ કરીને આ કાર્યક્રમમાં આદિજાતિના લોકોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરી વિવિધ સરકારની યોજનાઓનો મહત્તમ લાભ આપવા જણાવ્યું હતું. તેમણે જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં આદિજાતિના લોકો માટે આરોગ્ય કેમ્પ અને સેવા સેતુ સ્ટોલ તૈયાર કરવા જણાવ્યું હતું. વધુમાં ૧૦ નવેમ્બર થી ૧૪ નવેમ્બર સુધી જિલ્લાની તમામ શાળા-કોલેજોમાં ભગવાન બિરસા મુંડાના પ્રેરણાદાયી જીવન વિશે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા જણાવ્યું હતું. સાથે જ ખેડા જિલ્લામાં વસતા આદિજાતિ ખેડૂતો અને પશુપાલકો માટે વિશેષ કેમ્પનું આયોજન કરી તેમને સરકારની યોજનાકીય લાભોનું મહત્તમ વિતરણ કરવા સૂચના આપી હતી.

# ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં વંદે માતરમ નિર્માણનાં ૧૫૦ વર્ષની હોંશભેર ઉજવણી કરવામાં આવી

અમદાવાદ, તા. 08

ભારતનાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'નાં નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ તા. ૭ નવેમ્બરનાં રોજ રાષ્ટ્રવ્યાપી સાર્ધ શતાબ્દીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં ભાગરૂપે ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉલ્લાસભેર રાષ્ટ્રગીત વંદે માતરમનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૮૭૫માં દેશની સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્રગીત વંદે માતરમે દેશવાસીઓમાં રાષ્ટ્રચેતના પ્રગટાવી હતી અને દેશવાસીઓને માતૃભૂમિનાં ગૌરવની એકસૂત્રતામાં બાંધ્યા હતાં. તા.૭ નવેમ્બર ૨૦૨૫નાં રોજ તેને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાનાં ગૌરવવંતી ક્ષણની ઉજવણી નિમિત્તે તાલુકાની કીમ, સાયણ સુગર, વિહારા, મંદરોઈ, કરંજ સહિતની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થનાસભા દરમિયાન તેનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં બાળકો, શિક્ષકગણ, એસ.એમ.સી. સભ્યો ઉપરાંત વાલીજનો જોડાયા હતાં. આ પ્રસંગે બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં યોજાયેલ આ ગૌરવવંતા કાર્યક્રમને તાલુકાની પ્રાથમિક શાળાઓમાં હોંશભેર ઉજવવામાં આવ્યો હતો. આ તકે શિક્ષકોએ બાળકો સમક્ષ વંદે માતરમની ગાથા વર્ણવીને તેમનાં માનસમાં રાષ્ટ્રગીત અને દેશ માટે ગર્વની ભાવના જગાવી હતી. આ સાથે શાળાઓમાં સ્વદેશી અપનાવવાનાં શપથ પણ લેવામાં આવ્યા હતાં.

# કેન્સર નિવારણ માટે અદ્યતન તકનીકી સુવિધાઓ રાજ્યમાં ઉપલબ્ધ – મંત્રીશ્રી પ્રફુલ્લ પાનસેરીયા

## આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે GCRI ખાતે રૂ. ૪૪ કરોડના ખર્ચે વસાવાયેલા અદ્યતન PET-CT અને SPECT-CT મશીનોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. 08

અમદાવાદની કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે ન્યૂક્લિયર મેડિસિન વિભાગમાં અદ્યતન PET-CT અને SPECT-CT મશીનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના થકી રાજ્યના આરોગ્ય વિભાગ તથા ધ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI), મેડિસિટી, અમદાવાદ ખાતે મહત્વપૂર્ણ સુવિધા ઉમેરાઈ છે. આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સહિત અન્ય રાજ્યોના દર્દીઓ પણ અહીં સારવાર લેવા માટે આવે છે. ત્યારે ભારતભરના દર્દીઓ માટે આ સુવિધા આશીર્વાદરૂપ બની રહેશે. તેમણે નાગરિકોની સુખાકારી માટે આરોગ્ય વિભાગના કર્મયોગીઓની કર્મનિષ્ઠાને પણ બિરદાવી હતી. આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિને પગલે જામનગરમાં સંશોધન કેન્દ્ર શરૂ કરાયુ છે તેમણે આયુર્વેદ અનુસાર, દરેક માનવીનું શરીર અને સ્વભાવ ત્રણ મુખ્ય તત્વો - વાત, પિત્ત અને કફ - ના સંતુલન પર આધારિત છે તેમ જણાવી આહાર વિહાર બાબતે વિગતે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે કેન્સરની સારવારની અદ્યતન ટેકનોલોજી દ્વારા અદ્યતન PET-CT અને SPECT-CT મશીનોનું દેશમાં પ્રથમ વાર  શરૂ કરવામાં આવ્યા છે, જે દર્દીઓ માટે વધુ અસરકારક નિદાન અને સારવાર માટે મદદરૂપ બનશે. આ મશીનોનો ઉદ્દેશ્ય કેન્સર અને અન્ય રોગોના નિદાન માટે વધુ આધુનિક અને ઝડપી તકનીક ઉપલબ્ધ કરાવવાનો છે તેમ જણાવી આગામી સમયમાં નાગરિકોને ઉત્તમ કક્ષાની આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર હંમેશાં પ્રયાસરત રહેશે તેમ જણાવ્યું હતું, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ કાર્યરત GCRI દ્વારા કેન્સર જેવા જટિલ રોગની અદ્યતન સારવાર અને તેના ચોકસાઈપૂર્ણ નિદાન માટે આ સુવિધાનો શુભારંભ કરી ન્યુક્લિયર મેડિસિન ક્ષેત્રમાં એક નવીનતમ પગલું ભરવામાં આવ્યું છે. આ અદ્યતન મશીનો પાછળ મોટું રોકાણ કરવામાં આવ્યું છે, જેમાં પેટ-સીટી (PET-CT) મશીન રૂ. ૨૬ કરોડના ખર્ચે તથા સ્પેક્ટ-સિટી (SPECT-CT) મશીન રૂ. ૧૮ કરોડના ખર્ચે વસાવવામાં આવ્યું છે. આ કુલ રૂ. ૪૪ કરોડના ખર્ચમાં મશીનોની ૧૦ વર્ષ સુધીની કોમ્પ્રિહેન્સિવ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (CMC) અને જરૂરી સિવિલ વર્કનો પણ સમાવેશ થાય છે. આ મહત્વપૂર્ણ વ્યવસ્થાથી કેન્સરના નિદાન તેમજ દર્દીને યોગ્ય સમયે યોગ્ય સારવાર મળી રહે તે માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે. નવી પોઝીટ્રોન એમિશન ટોમોગ્રાફી-કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (PET-CT) સુવિધા લ્યુટીશીયમ આધારીત ક્રિસ્ટલ અને ૧૨૮ સ્લાઈસ CT જેવી અત્યંત અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. આ મશીન કેન્સરના દર્દીઓ માટે એક ચોક્કસ સ્ટેજિંગનું નિદાન કરવામાં મદદરૂપ બને છે, જેના લીધે તેમને યોગ્ય સમયે યોગ્ય સારવાર મળી રહે છે. ફંકશનલ અને એનાટોમિકલ ઈમેજિંગના આ સંયોજનથી દર્દી માટે સમયસર નિદાન, સારવાર માટેનું યોગ્ય આયોજન અને તેનાથી થતા પરિણામોને સુધારવા માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. સામાન્ય FDG PET-CT સ્કેન સિવાય, આ સુવિધામાં વિશિષ્ટ રેડિયોફાર્માસ્યુટિકલ્સના ઈન-હાઉસ ઉત્પાદન માટે ઓટોમેટેડ સિન્થેસાઈઝર મોડ્યુલ પણ છે, જેના દ્વારા હવે PSMA PET-CT (પ્રોસ્ટેટ કેન્સર માટે), DOTANOC PET-CT (ન્યુરોએન્ડોક્રાઈન ટ્યુમરના બારીકાઈથી નિરીક્ષણ માટે) અને FAPI PET-CT (ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ ટ્યુમર અને પરંપરાગત રેડિયટ્રેસરથી સ્પષ્ટ ન દેખાતા મેલીગનન્સી માટે) જેવા પડકારરૂપ સ્કેન પણ શક્ય બનશે. ન્યુક્લિયર મેડિસીન ક્ષેત્રે અન્ય સુવિધા જેવી કે સિંગલ ફોટોન એમિશન કમ્પ્યુટેડ ટોમોગ્રાફી-કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (SPECT-CT) નો પણ સમાવેશ થયેલ છે. આ ટેકનોલોજી ફંકશનલ અને એનાટોમિકલ ઈમેજિંગ બંનેને એક જ પ્રક્રિયામાં પૂરી પાડે છે, જે વિવિધ ચિકિત્સા ક્ષેત્રોમાં નિદાનની ચોકસાઈને વધારવામાં મદદરૂપ બને છે. આના દ્વારા MDP બોન સ્કેન, DTPA, DMSA તથા EC રેનલ સ્કેન (કિડની ફંકશન માટે), થાયરોઈડ સ્કેન, પેરાથાઈરોઈડ સ્કેન, MIBI કાર્ડિયાક સ્કેન, લંગ પરફ્યુઝન સ્કેન, મેકલ્સ સ્કેન, HIDA સ્કેન, લિવર સ્કેન અને GI બ્લીડ સ્કેન જેવા અનેક મહત્વપૂર્ણ સ્કેન કરી શકાશે. આ દ્વિતીય અદ્યતન વ્યવસ્થા આરોગ્ય ક્ષેત્રે તેમજ ગુજરાત રાજ્યમાં જ વિશ્વની સારામાં સારી સારવાર પૂરી પાડવા માટે કેન્સર હોસ્પિટલ દ્વારા સિદ્ધિનું સોપાન સર કરવામાં આવ્યું છે. આ લોકાર્પણ સમારોહમાં જી.સી.આર.આઈ.ના ચેરમેન શ્રી પંકજ પટેલ, ધી ગુજરાત કેન્સર સોસાયટીના જનરલ સેક્રેટરી શ્રી ક્ષિતીશ મદનમોહન, સેક્રેટરી શ્રી કૌશિકભાઈ પટેલ તથા શ્રી દિવ્યેશભાઈ રાડિયા અને જી.સી.આર.આઈ.ના નિયામક ડૉ. શશાંક પંડયા સહિતના મહાનુભાવો અને સંસ્થાનો તબીબી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.





# 'સચિનની સલાહ અમને વર્લ્ડ કપ ફાઇનલમાં કામ આવી':કેપ્ટન હરમને કહ્યું, મેચની આગલી રાત્રે તેમનો કોલ આવ્યો, પોતાના અનુભવ શેર કર્યા, જે કામ આવ્યા

**ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ખુલાસો કર્યો કે વર્લ્ડ કપ ફાઈનલની આગલી રાત્રે તેમને સચિન તેંડુલકરનો ફોન આવ્યો હતો. બધા તેમને સલાહ આપી રહ્યા હતા, પરંતુ તેંડુલકરના શબ્દો સૌથી વધુ ધ્યાન ખેંચતા હતા. હરમનપ્રીતે ICC રિવ્યૂમાં કહ્યું: મેચ પહેલાં સચિને પોતાના અનુભવો શેર કર્યા અને કહ્યું, "જ્યારે મેચ ખૂબ ઝડપથી આગળ વધવા લાગે, ત્યારે શાંત રહો. રમત થોડી ધીમી કરવાનો પ્રયાસ કરો, કારણ કે જ્યારે તમે ખૂબ ઝડપથી જાઓ છો ત્યારે તમે લપસી જવાનું જોખમ લો છો. આપણે આવી ભૂલ ન કરવી જોઈએ."**

**મુંબઈ, તા. 8**

5 દિવસ પછી પણ સ્વપ્ન જેવું લાગે છે હરમનપ્રીતે કહ્યું, નવી મુંબઈમાં એ ઐતિહાસિક રાતને પાંચ દિવસ થઈ ગયા છે, પરંતુ એ હજુ પણ જીતને સંપૂર્ણપણે સમજી શકતી નથી. સાચું કહું તો મને હજુ પણ સંપૂર્ણ રીતે ખ્યાલ નથી આવ્યો કે અમે શું પ્રાપ્ત કર્યું છે. કદાચ થોડા મહિનામાં હું સમજી શકીશ કે અમે દેશ માટે શું કર્યું છે. અત્યારે એ બધું સ્વપ્ન જેવું લાગે છે. જ્યારે પણ અમે એકબીજાને મળીએ છીએ ત્યારે ફક્ત અમે એટલું જ કહીએ છીએ, 'વર્લ્ડ ચેમ્પિયન.' આ એક ખૂબ જ અલગ લાગણી છે. અમે ઘણા સમયથી આ ક્ષણની રાહ જોઈ રહ્યા છીએ. એ મેચમાં મારાં માતા-પિતા હાજર હતાં. તેમની સામે વર્લ્ડ કપ ટ્રોફી ઉપાડવી એ મારા માટે ખૂબ જ ખાસ હતું. બાળપણથી જ મેં હંમેશાં કહ્યું છે કે હું ભારતીય જર્સી પહેરવા માગું છું, મારા દેશ માટે રમવા માગું છું, ટીમનું નેતૃત્વ કરવા માગું છું અને વર્લ્ડ કપ જીતવા માગું છું. વન-ડે વર્લ્ડ કપ જીતનાર ત્રીજી ભારતીય કેપ્ટન હરમનપ્રીત હવે ODI વર્લ્ડ કપ ટ્રોફી જીતનારી ત્રીજી ભારતીય કેપ્ટન બની ગઈ છે. તેની પહેલાં કપિલ દેવ (1983) અને મહેન્દ્ર સિંહ ધોની (2011) પણ વર્લ્ડ કપ જીતી ચૂક્યા છે. તેણે કહ્યું, 'મેં અમોલ મઝુમદાર સરને પણ કહ્યું હતું કે એવું લાગે છે કે આપણે હમણાં જ બાઈલેટરલ સિરીઝ જીતી છે અને હવે ઘરે પરત ફરી રહ્યા છીએ. તેની સાચી અસર થોડા મહિનામાં દેખાશે.' હરમનપ્રીતે અગાઉ 2020 મહિલા T20 વર્લ્ડ કપ ફાઈનલમાં ભારતની કેપ્ટનશિપ કરી હતી, પરંતુ આ જીત તેની 16 વર્ષની ઈન્ટરનેશનલ કારકિર્દીની સૌથી મોટી સિદ્ધિ છે. મંધાના, દીપ્તિ અને શેફાલીને હીરો કહી હરમનપ્રીતે ફાઈનલ જીતનું શ્રેય વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના, ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા અને શેફાલી વર્માને આપ્યું. શેફાલી અંગે તેણે કહ્યું, જ્યારે શેફાલી ટીમમાં આવી ત્યારે લોકો સવાલો કરી રહ્યા હતા કે શું તેણે ફાઈનલમાં રમવી જોઈએ, પરંતુ અમે પહેલાંથી જ નક્કી કરી લીધું હતું કે તે રમશે.

તેણે પાછલા T20 અને અંડર-19 વર્લ્ડ કપ બંનેમાં પ્રેશરનો સામનો કર્યો છે. જ્યારે સાઉથ આફ્રિકાની વોલ્વાર્ટ અને લુસ વચ્ચે ભાગીદારી બની રહી હતી, ત્યારે મેં વિચાર્યું કે મારે તેને એક ઓવર આપવી જોઈએ અને તેણે આવીને એક પછી એક બે વિકેટ ઝડપી, જેનાથી મેચનો માહોલ પલટાઈ ગયો. અમે ઈચ્છીએ છીએ કે સ્મૃતિ દરેક મેચમાં સદી ફટકારે સ્મૃતિ મંધાના વિશે બોલતાં હરમને કહ્યું, ટીમમાં તેમનું યોગદાન હંમેશાં યાદ રહેશે. જ્યારે તે બેટિંગ કરે છે ત્યારે આખી ટીમ તેના માટે સદી ફટકારવા માટે પ્રાર્થના કરે છે, કારણ કે જ્યારે તે રન બનાવે છે ત્યારે બાકીનું બધું જ જગ્યાએ પડી જાય છે. હરમનપ્રીતે દીપ્તિ શર્મા વિશે કહ્યું, દીપ્તિને ફક્ત થોડા આત્મવિશ્વાસની જરૂર હતી. ક્યારેક અમને લાગતું હતું કે તેને પોતાની જાત પર એટલો વિશ્વાસ નથી જેટલો ટીમને તેની ક્ષમતાઓ પર હતો. દીપ્તિને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી. તેણે 22 વિકેટ લીધી અને 215 રન બનાવ્યા. તેણે શ્રીલંકા, ઈંગ્લેન્ડ અને ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે ફિફ્ટી ફટકારી હતી. પ્રતિકા રાવલને પણ વર્લ્ડ ચેમ્પિયન બનવા બદલ મેડલ મળશે પ્રતિકા રાવલ વર્લ્ડ કપની સેમિફાઈનલ અને ફાઈનલ રમી શકી ન હતી. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની બેટર પ્રતિકા રાવલને પણ વુમન્સ વર્લ્ડ ચેમ્પિયન બનવા બદલ મેડલ પ્રાપ્ત થશે. PTI સાથે વાત કરતાં તેણે કહ્યું, જય (શાહ, ICC ચેરમેન) સરે મારો મેડલ મોકલ્યો છે. એ પ્રાપ્ત કરવામાં થોડો સમય લાગશે, પરંતુ મને એ ટૂંક સમયમાં મળશે.'


## WTA ફાઇનલ્સની ફાઇનલમાં સબાલેન્કા અને રાયબાકીના ટકરાશે : સાબાલેન્કાએ એનિસિમોવાને હરાવી, રાયબાકીના પેગુલાને હરાવી ફાઇનલમાં પહોંચી

**દિલ્હી, તા. 8**

વિશ્વની નંબર 1 ટેનિસ ખેલાડી આરીના સબાલેન્કા અને વિશ્વની નંબર 6 એલેના રાયબાકીના WTA ફાઈનલ્સની ફાઈનલમાં પહોંચી ગઈ છે.શનિવારની સેમિફાઈનલમાં સબાલેન્કાએ અમાન્ડા અનિસિમોવાને 6-3, 3-6, 6-3થી હરાવી હતી, જ્યારે રાયબાકીનાએ અન્ય સેમિફાઈનલમાં વિશ્વની નંબર 5 ખેલાડી જેસિકા પેગુલાને 4-6, 6-4, 6-3થી હરાવી હતી. સબાલેન્કાએ ત્રણ વર્ષમાં પહેલી વાર WTA ફાઈનલ્સ ટાઈટલ માટે ક્વોલિફાય કર્યું. સેમિફાઈનલના પહેલા સેટમાં તેણે અનિસિમોવાને સરળતાથી 6-3થી હરાવી. જોકે, બીજા સેટમાં અનિસિમોવાએ જોરદાર વાપસી કરી, 3-6થી પાછળ રહીને સેટ જીતી લીધો. નિર્ણાયક ત્રીજા સેટમાં, સબાલેન્કાએ 4-3ની લીડ મેળવીને વિજય મેળવ્યો.

## એશિયા કપ ટ્રોફી વિવાદ ઉકેલવા સમિતિની રચના : ICCએ કહ્યું, 'ભારત-પાકિસ્તાને સાથે મળીને મુદ્દે ઉકેલે

■ **ટીમ ઈન્ડિયાએ PCB ચીફ પાસેથી ટ્રોફી લીધી ન હતી, ICC બોર્ડ મીટિંગમાં લેવાયેલા 5 નિર્ણયો**



**દિલ્હી, તા. 8**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા એશિયા કપ ટ્રોફી વિવાદના ઉકેલ માટે ICC એ એક સમિતિની રચના કરી છે. શુક્રવારે દુબઈમાં તેની વાર્ષિક સામાન્ય સભામાં ICCએ જણાવ્યું હતું કે, 'બંને દેશોએ પરસ્પર નિર્ણય લેવો જોઈએ.' ICC બોર્ડના સભ્યોએ ભાર મૂક્યો કે પાકિસ્તાન અને ભારત ક્રિકેટ જગત માટે મહત્વપૂર્ણ છે. તેમણે તેમના મુદ્દાઓનો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલ લાવવો જોઈએ. બોર્ડ મધ્યસ્થી માટે ખુલ્લું છે. ભારતીય ટીમે 28 સપ્ટેમ્બરના રોજ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ ટ્રોફી જીતી હતી. વિજય બાદ, ટીમે PCB વડા નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, જે ACCના વડા અને પાકિસ્તાનના ગૃહમંત્રી પણ છે. પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં ભારતે આ વલણ અપનાવ્યું હતું. ત્યારબાદ મોહસીન નકવી ટ્રોફી લઈને દુબઈની પોતાની હોટેલમાં પાછા ફર્યા. પાકિસ્તાન જતા પહેલા, તેમણે ટ્રોફી દુબઈમાં ACC ઓફિસમાં મૂકી દીધી. ICC બોર્ડ મીટિંગમાં લેવાયેલા 5 નિર્ણયો, 1. મહિલા વર્લ્ડ કપમાં ભાગ લેનાર ટીમોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો આ બેઠકમાં, મહિલા ODI વર્લ્ડ કપમાં ભાગ લેનાર ટીમોની સંખ્યા 8થી વધારીને 10 કરવામાં આવી. ઈન્ટરનેશનલ ક્રિકેટ પરિષદે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે ભારતમાં આયોજિત મહિલા ODI વર્લ્ડ કપની સફળતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ઓલિમ્પિક 2028માં ભારત-પાકિસ્તાન મેચ થવી મુશ્કેલ : ન્યૂઝીલેન્ડ, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનને ક્વોલિફાયર રમવું પડી શકે છે

**ICC ટૂંક સમયમાં વિગતો શેર કરશે, પરંતુ રોડમેપ લગભગ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.**

**દિલ્હી, તા. 8**



લોસ એન્જલસ ઓલિમ્પિક 2028માં ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચની શક્યતા અનિશ્ચિત રહે છે, જેનું મુખ્ય કારણ ICC દ્વારા ઓલિમ્પિક ક્વોલિફિકેશન માટે સ્થાપિત રીજનલ ક્વોલિફિકેશન સિસ્ટમ છે. 128 વર્ષ પછી, ક્રિકેટ 2028ના ઓલિમ્પિકમાં પાછી ફરી રહી છે, જેમાં મેન્સ અને વુમન્સ ટીમ T20 ફોર્મેટમાં ભાગ લેશે, જેમાં 6 ટીમ ભાગ લેશે. અહેવાલો અનુસાર, દુબઈમાં એક બેઠકમાં ટીમની ભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવી હતી, અને એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક ક્ષેત્ર/ખંડમાંથી ટોચના ક્રમાંકિત ટીમમાંથી 5 ટીમ આવશે, જ્યારે છઠ્ઠી ટીમ ગ્લોબલ ક્વોલિફાયરમાંથી આવશે. ICC ટૂંક સમયમાં વિગતો શેર કરશે, પરંતુ રોડમેપ લગભગ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ ફોટો 1900ના પેરિસ ઓલિમ્પિકમાં યોજાયેલી ક્રિકેટ ઈવેન્ટનો છે, જેમાં ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સની ટીમે ભાગ લીધો હતો. એશિયા, ઓશનિયા, યુરોપ અને આફ્રિકાની ટોચની ટીમ ક્વોલિફાય થશે અહેવાલો અનુસાર, ICC એ ઓલિમ્પિક માટે રીજનલ ક્વોલિફિકેશન પ્રણાલી લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

## અનુષ્કા શર્માનું સાત વર્ષ બાદ ફિલ્મોમાં કમબેક!

### વર્ષોથી અટકી પડેલી ક્રિકેટર ઝુલન ગોસ્વામીની બાયોપિક 'ચકદા એક્સપ્રેસ' ટૂંક સમયમાં રિલીઝ થવાની શક્યતા

**મુંબઈ, તા. 8**

એક્ટ્રેસ અનુષ્કા શર્મા સાત વર્ષ બાદ ફિલ્મોમાં કમબેક કરી રહી છે. છેલ્લે 2018માં શાહરુખ ખાન સાથે 'ઝીરો' ફિલ્મમાં જોવા મળ્યાં બાદ એક્ટ્રેસે 'ચકદા એક્સપ્રેસ'નું શૂટિંગ પૂરું કર્યું હતું. જોકે, કેટલાક કારણોસર હજુ સુધી આ ફિલ્મ રિલીઝ થઈ નથી. તેવામાં આ ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થાય તેવી ચર્ચા છે. 'ચકદા એક્સપ્રેસ'એ ભારતીય ક્રિકેટર ઝુલન ગોસ્વામીની બાયોપિક છે, જેમાં અનુષ્કા શર્મા મુખ્ય ભૂમિકામાં છે. જોકે, આ બાયોપિક લગભગ ત્રણ વર્ષથી OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પાસે પડી છે. પ્લેટફોર્મ અને પ્રોડક્શન હાઉસ 'ક્લીન સ્લેટ ફિલ્મ્સ' વચ્ચેના વિવાદને કારણે આ ફિલ્મ અભેરાઈ પર ચડી ગઈ છે. હવે, 'મિડ-ડે'ના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમે તાજેતરમાં ODI વર્લ્ડ કપ જીત્યા બાદ ફિલ્મ 'ચકદા એક્સપ્રેસ'ના પ્રોડ્યૂસર્સ તેની રિલીઝને લઈને ઉત્સાહિત છે. પ્રોડ્યૂસર્સે નેટફ્લિક્સ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓને પત્ર લખીને ફિલ્મ રિલીઝ કરવા વિનંતી કરી છે. એક સૂત્રે જણાવ્યું હતું કે, 'અમે નેટફ્લિક્સ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓને વ્યક્તિગત રીતે પત્ર લખીને આ વિવાદથી ઉપર ઊઠીને ફિલ્મ રિલીઝ કરવા જણાવ્યું છે. ઝુલન દી જેવી દિગ્ગજ પર બનેલી બાયોપિક દર્શકો સુધી પહોંચવી જ જોઈએ.' સૂત્રે એ પણ ખુલાસો કર્યો કે, 'નેટફ્લિક્સના અધિકારીઓને પરિણામો પસંદ ન હોવાથી ફિલ્મ ઘણા વર્ષોથી અટકી પડી હતી. પ્રોડક્શન હાઉસનું બજેટ પૂરું થઈ ગયું હતું અને પ્લેટફોર્મના વડાઓને પ્રોજેક્ટનું કદ પસંદ ન હતું.

**'ઝુલન દી જેવી દિગ્ગજ પર બનેલી બાયોપિક દર્શકો સુધી પહોંચવી જ જોઈએ.'**



## અમીષા પટેલની મુશ્કેલીમાં વધારો:₹2 લાખના ચેક બાઉન્સ કેસમાં એક્ટ્રેસને યુપીની મુરાદાબાદ કોર્ટમાં હાજર થવા આદેશ



**મુંબઈ, તા. 8**

ઉત્તર પ્રદેશના મુરાદાબાદની એક કોર્ટે બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલને 9 જાન્યુઆરી 2026ના રોજ 2 લાખનો ચેક બાઉન્સ થવાના કેસમાં કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. 'ગદર' ફેમ એક્ટ્રેસ અમીષા પટેલ વિરુદ્ધ એક ઈવેન્ટ કંપનીના ડિરેક્ટર પવન કુમાર વર્માએ કેસ દાખલ કર્યો હતો. કંપનીના ડિરેક્ટરે આરોપ લગાવ્યો હતો કે, 'અમીષા પટેલે મુરાદાબાદમાં એક લગ્નમાં ડાન્સ કરવા માટે ફી લઈ લીધી હતી પરંતુ તે આ કાર્યક્રમમાં પહોંચી નહોતી. આ પછી, ઈવેન્ટ કંપનીના ડિરેક્ટરે મુરાદાબાદ કોર્ટમાં અમીષા વિરુદ્ધ છેતરપિંડી અને અન્ય આરોપોનો કેસ દાખલ કર્યો. ઈવેન્ટ કંપનીના ડિરેક્ટરનો દાવો છે કે, અમીષાએ આ કેસમાં સમાધાન તરીકે તેમને 10 લાખ રૂપિયા ચૂકવવાનું વચન આપ્યું હતું. તેમણે 8 લાખ રૂપિયા ચૂકવ્યા. જોકે, ત્યારબાદ 2 લાખ રૂપિયાનો ચેક બાઉન્સ થઈ ગયો. ઈવેન્ટ કંપનીના માલિક પવન કુમાર વર્માએ 2017માં અમીષા પટેલ અને અન્ય લોકો વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. હવે જાણો આખો મામલો શું છે? ડ્રીમ વિઝન ઈવેન્ટ કંપનીના માલિકે કેસ દાખલ કર્યો છે, મુરાદાબાદના કાટઘર પોલીસ સ્ટેશન વિસ્તારના મોહલ્લા ડબલ ફાટકના રહેવાસી અને ડ્રીમ વિઝન ઈવેન્ટ કંપનીના માલિક પવન કુમાર વર્માએ 2017માં અમીષા પટેલ અને અન્ય લોકો વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ફરિયાદમાં તેણે અમીષા પટેલ, અહેમદ શરીફ, સુરેશ પરમાર અને રાજકુમાર ગોસ્વામી પર 11 લાખ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો.

## 'દીપિકા પાદુકોણની 8 કલાકના શૂટિંગની માંગ વાજબી છે

### ડિરેક્ટર આદિત્ય સરપોતદારે કહ્યું - સારા આયોજન અને મેનેજમેન્ટથી ઓછા સમયમાં પણ વધુ સારું કામ શક્ય છે

**મુંબઈ, તા. 8**

'મુંજ્યા' ની સફળતા પછી, ફિલ્મ ડિરેક્ટર આદિત્ય સરપોતદારે 'થામા' માં માનવીઓ અને રાક્ષસોની કાલ્પનિક દુનિયા વચ્ચેની રેખા તોડવાની હિંમત કરી. હવે, તેમની આગામી ફિલ્મ, 'શક્તિ શાલિની', પ્રશંસનીય એક્ટ્રેસ અનીત પડ્ડાની એનર્જી અને નવા પાત્રને ગૌરવ આપે છે, જ્યારે 'મહા મુંજ્યા' ની સિક્વલની તૈયારીઓ ચાલી રહી છે. એક ખાસ વાતચીત દરમિયાન, આદિત્યએ સેટ પર ટીમની પ્રતિબદ્ધતા અને કલાકારોના સપોર્ટિંગ એપ્રોચની પ્રશંસા કરી. તેમણે દીપિકા પાદુકોણના 8 કલાકના શૂટિંગ શિફ્ટના દાવાને સમર્થન આપતા કહ્યું કે સારા આયોજન અને સંચાલન સાથે, ઓછા સમયમાં પણ ઉત્તમ કાર્ય થઈ શકે છે. આદિત્ય સરપોતદાર સાથેની



વાતચીતના કેટલાક મુખ્ય મુદ્દાઓ અહીં છે...

પ્રશ્ન: 'મુંજ્યા' ફિલ્મ હિટ હતી, અને હવે 'થામા' પણ સારી ચાલી રહી છે. જ્યારે 'થામા' ફિલ્મની સ્ક્રિપ્ટ તમારી પાસે આવી, ત્યારે તમારો સૌથી મોટો પડકાર કયો હતો? તમે તે પડકારને અસરકારક રીતે કેવી રીતે હેન્ડલ કર્યો?

જવાબ: દરેક ફિલ્મમાં, હું એક અલગ અને નવી દુનિયા બતાવવા માગુ છું. 'મુંજ્યા' એ કોંકણની અદૃશ્ય દુનિયાની શોધ કરી. 'થામા' રાક્ષસોની દુનિયા બનાવવા વિશે હતી. આ વખતે, પડકાર એ શોધવાનો હતો કે 'સ્ત્રી 2', 'મુંજ્યા' અને 'ભેડિયા' ની વાર્તાઓને એક સાથે યૂનિવર્સમાં કેવી રીતે એકીકૃત કરવી. 'થામા' માં, પડકાર એ હતો કે મનુષ્યો અને રાક્ષસોની બે અલગ અલગ દુનિયાને જોડવી અને તેને અધિકૃત દેખાડવી.

કેટલાક દૃશ્યો ખૂબ જ મુશ્કેલ હતા, પરંતુ સારી ટીમ હોવાથી કામ સરળ બન્યું. 'થામા' મોટા પાયે કરવાની હતી અને દિવાળી જેવા મોટા પ્રસંગે રિલીઝ કરવાનો એક પડકાર હતો.

પ્રશ્ન: જ્યારે વેતાલની વાર્તાઓ દૃશ્ય રીતે રજૂ કરવામાં આવી હતી, ત્યારે તેનો માહોલ અને અસર કેવી રીતે સર્જી શકાયા?

## સામન્થા અને રાજે સંબંધોને જાહેર કર્યા?

■ **એક્ટ્રેસએ દિગ્દર્શકને ગળે લગાવીને પોઝ આપ્યો અને તસવીર શેર કરી; 'ધ ફેમિલી મેન 2' બાદ બંન્નેનું મજબૂત બંધન**



**મુંબઈ, તા. 8**

એક્ટ્રેસ સામન્થાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે આ વર્ષના પોતાના બોલ્ડ નિર્ણયો અને અનુભવો વિશે વાત કરી હતી. જોકે, પોસ્ટમાં સૌથી વધુ ચર્ચામાં રહેલો ફોટો ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથેનો તેનો ફોટો હતો. આ ફોટાએ ફરી એકવાર તેમના સંબંધોની અફવાઓને વેગ આપ્યો છે. ફોટામાં, સામન્થા કાળા લેસ ડ્રેસમાં જોવા મળે છે, જ્યારે રાજ કાળા સૂટમાં જોવા મળે છે. બંને કેમેરા તરફ જોઈ રહ્યા છે. રાજનો એક હાથ સામન્થાની કમર પર છે, અને સામન્થા તેને બંને હાથથી પકડીને પોઝ આપી રહી છે. આ ફોટો સામન્થાના ફ્રેગરન્સ લોન્ચ ઈવેન્ટનો છે, જે આ અઠવાડિયાની શરૂઆતમાં યોજાયો હતો. તેણે આ ઈવેન્ટના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. આ પોસ્ટના કેપ્શનમાં, તેણે છેલ્લા કેટલાક વર્ષોમાં લીધેલા નિર્ણયો અને નાની સફળતાઓની ઉજવણી વિશે વાત કરી. સામન્થાએ પોસ્ટના કેપ્શનમાં લખ્યું, 'મિત્રો અને પરિવારથી ઘેરાયેલી. છેલ્લા દોઢ વર્ષમાં, મેં મારી કારકિર્દીના કેટલાક સૌથી હિંમતવાન પગલાં લીધાં છે.

### આ અઠવાડિયે સોનું ₹670 ઘટીને ₹1,20,100 થયું, ચાંદી ₹850 ઘટીને ₹1,48,275 પ્રતિ કિલો થઈ

# સોનાના ભાવમાં સતત ત્રીજા સપ્તાહે ઘટાડો

## હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો

**નવી દિલ્હી, તા. 08**

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 31 ઓક્ટોબરે સોનું 1,20,770 પ્રતિ 10 ગ્રામ હતું, જે 7 નવેમ્બર સુધીમાં 670 ઘટીને 1,20,100 થયું છે. આ સતત ત્રીજું અઠવાડિયું છે, જ્યારે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. 17 ઓક્ટોબરે, સોનું 1,29,584 પ્રતિ 10 ગ્રામ હતું. ચાંદીની પણ આવી જ સ્થિતિ છે. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે (31 ઓક્ટોબર) 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ 1,49,125 રૂપિયા હતો, જે આ અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસ, 7 નવેમ્બર સુધીમાં 850 રૂપિયા ઘટીને 1,48,275 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયો છે.

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાને કારણે

ભારતમાં મોસમી ખરીદી પૂર્ણ થઈ: દિવાળી જેવા તહેવારો પછી ભારતમાં સોના અને ચાંદીની ખરીદી ધીમી પડી ગઈ છે. એના કારણે સોના અને ચાંદીની માગમાં ઘટાડો થયો છે. વૈશ્વિક તણાવમાં ઘટાડો: સોના અને ચાંદીને 'સેફ હેવન' માનવામાં આવે છે, એટલે કે લોકો મુશ્કેલ સમયમાં એને ખરીદે છે. વૈશ્વિક તણાવમાં ઘટાડો થવાથી એના ભાવમાં ઘટાડો થયો છે. પ્રોફિટ ટેકિંગ અને ઓવરબોટ સિગ્નલ: રોકાણકારો તેજી પછી પ્રોફિટ બુક કરી રહ્યા છે. રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) જેવાં ટેક્નિકલ ઈન્ડિકેટર્સ દર્શાવે છે કે કિંમતો ઓવરબોટ ઝોનમાં પહોંચી ગઈ છે, તેથી ટ્રેન્ડ ફોલોઅર્સ અને ડીલરો વેચાણ શરૂ કરી દીધું છે.

આ વર્ષે સોનું 43,938 અને ચાંદી 62,258 મોંઘું થયું


આ વર્ષે અત્યારસુધીમાં સોનાના ભાવમાં 43,938નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,20,100 થઈ ગયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 62,258નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે એ વધીને 1,48,275 પ્રતિ કિલોગ્રામ થયો છે.

કેરેટ મુજબ સોનાનો ભાવ
(7 નવેમ્બર,2025)

| કેરેટ | કિંમત (રૂ./10 ગ્રામ) |
|---|---|
| 24 | 1,20,100 |
| 22 | 1,10,012 |
| 18 | 90,075 |
| 14 | 70,259 |

ટ્રાન્સપોર્ટેશન ખર્ચ: સોનું એક ફિઝિકલ વસ્તુ છે, તેથી એના પરિવહનમાં ખર્ચ થાય છે. મોટા ભાગની આયાત હવાઈ માર્ગે થાય છે. ત્યાર બાદ સોનાને આંતરિક ભાગમાં પહોંચાડવું પડે છે. પરિવહનખર્ચમાં ફ્યૂઅલ, સુરક્ષા, વાહનો અને સ્ટાફ ફીનો સમાવેશ થાય છે.



# શિયાળો શરૂ થતાં જ ત્વચા શુષ્ક થઈ જાય છે?

### ડ્રાયનેસ પાછળ 7 કારણો જવાબદાર, જાણો સ્કિનને હેલ્ધી રાખવાના ઘરેલુ ઉપાય

**નવી દિલ્હી, તા. 08**

શિયાળા દરમિયાન મોટા ભાગના લોકોને ત્વચાની સમસ્યાઓનો અનુભવ થાય છે. ક્યારેક શુષ્કતા (ડ્રાયનેસ) હોય છે, ક્યારેક ત્વચા ફાટી જાય છે. ઠંડી અને સૂકી હવામાં ભેજ ખૂબ ઓછો હોય છે, પરિણામે ત્વચાનું મોઈશ્ચર ઝડપથી સુકાઈ જાય છે. આ ઋતુમાં ત્વચાનું કુદરતી તેલ (નેચરલ ઓઈલ)નું ઉત્પાદન પણ ઘટે છે, જેના કારણે ત્વચાનું પ્રોટેક્ટિવ બેરિયર (રક્ષણાત્મક અવરોધ) નબળું પડે છે. ખાસ કરીને હાથ, પગ અને હોઠ જેવા ભાગ સૌથી પહેલા પ્રભાવિત થાય છે, કારણ કે તેઓ સતત ઠંડી અને પવનના સંપર્કમાં રહે છે. જોકે થોડી સાવધાની અને યોગ્ય સ્કિન કેર રૂટિન (ત્વચાની યોગ્ય સંભાળ)થી આ સમસ્યા ટાળી શકાય છે. હૂંફાળા પાણીથી સ્નાન, મોઈશ્ચરાઈઝર લગાવવું, હાઈડ્રેટેડ રહેવું અને પૌષ્ટિક ખોરાક ખાવાથી શિયાળામાં



ત્વચાને શુષ્ક થતાં અટકાવી શકાય છે. એનાથી ત્વચા મુલાયમ અને હેલ્ધી રહે છે. આજે 'કામના સમાચાર'માં આપણે શિયાળામાં થતી સ્કિન પ્રોબ્લેમ્સ વિશે ચર્ચા કરીશું, સાથે જ આપણે જાણીશું કે દરેક ઋતુની ત્વચા પર શું અસર પડે છે? શિયાળામાં ત્વચા કેમ ફાટી જાય છે? ત્વચાને કુદરતી રીતે કેવી રીતે મોઈશ્ચરાઈઝ કરવી?

# પુત્ર નિષ્ફળતાની ચિંતામાં સરી પડે તે પહેલા સમજાવો કે, શ્રેષ્ઠ ન હોવું તે પણ સામાન્ય વાત છે

## દીકરો હંમેશાં 'બેસ્ટ' રહેવા માગે છે?

**મુંબઈ, તા. 08**

પ્રશ્ન: હું 18 વર્ષના દીકરાની માતા છું. અમે જબલપુરમાં રહીએ છીએ. મારો દીકરો હંમેશા અભ્યાસમાં ટોપર રહ્યો છે. પહેલા ધોરણથી બારમા ધોરણ સુધી, તે શાળાનો શ્રેષ્ઠ વિદ્યાર્થી, ગોલ્ડન બોય હતો. તેના શિક્ષકો અને અમે પણ હંમેશા તેને શ્રેષ્ઠ હોવાનો અહેસાસ કરાવતા. પરંતુ ગયા વર્ષે દિલ્હીની સેન્ટ સ્ટીફન કોલેજમાં પ્રવેશ મેળવ્યા પછી, તેનું શૈક્ષણિક પરફોર્મન્સ બગડ્યું છે. તેનો આત્મવિશ્વાસ પણ ઘટ્યો છે. કદાચ તેને દુઃખ થાય છે કે તે હવે કોલેજમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી નથી. ત્યાં તેના કરતા વધુ સારા લોકો છે. એક વાર, તેણે આડકતરી રીતે કહ્યું પણ હતું કે, 'મમ્મી, હું શ્રેષ્ઠ નથી.' શું અમારાથી કોઈ ભૂલ થઈ ગઈ? અમારે તેને આટલો સ્ટાર જેટલો અનુભવ કરાવવો જોઈતો ન હતો. બાળક હવે ઘણીવાર ઉદાસ અને ગુમસુમ રહે છે. હું તેના વિશે ખૂબ ચિંતિત છું. ડૉક્ટર, કૃપા કરીને મને મદદ કરો. નિષ્ણાત - ડૉ. દ્રોણ શર્મા, કન્સલ્ટન્ટ મનોચિકિત્સક, આયર્લેન્ડ, યુકે. યુકે, આઈરિશ અને જિબ્રાલ્ટર મેડિકલ કાઉન્સિલના સભ્ય. પૂછવા બદલ આભાર. તમારી ચિંતા વાજબી છે. જ્યારે પણ નાના શહેરનો પ્રતિભાશાળી વિદ્યાર્થી દિલ્હીમાં



સેન્ટ સ્ટીફન જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં કે IITમાં ભણે છે, ત્યારે તેમને ખ્યાલ આવે છે કે દુનિયામાં વધુ સક્ષમ વિદ્યાર્થીઓ છે. તેઓ તેમના નાના શહેરમાં શ્રેષ્ઠ હતા, પરંતુ હવે તેઓ આ મોટી જગ્યાએ શ્રેષ્ઠ નથી રહ્યા. આ વિદ્યાર્થી અને માતાપિતા બંને માટે ભાવનાત્મક રીતે ખૂબ જ દુઃખદ અનુભવ હોઈ શકે છે.

# સ્ટારલિંકની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા મહારાષ્ટ્રથી શરૂ થશે

**નવી દિલ્હી, તા. 08**

મહારાષ્ટ્ર સરકારે બુધવારે (6 નવેમ્બર) ઈલોન મસ્કની કંપની સ્ટારલિંક સાથે લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કર્યા, જે સ્ટારલિંકની સેટેલાઈટ-આધારિત ઈન્ટરનેટ સેવા અપનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. સ્ટારલિંકના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયરની હાજરીમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં વ્યક્તિગત રીતે કરાર પર હસ્તાક્ષર કર્યા. હવે સરકારી કચેરીઓ, ગામડાઓ અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ ઉપલબ્ધ થશે. ક્યાં-કેવી રીતે મળશે સર્વિસ, મહારાષ્ટ્ર સરકાર અને સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે LoI પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સેવા શરૂઆતમાં ગઢચિરોલી, નંદુરબાર, વાશિમ અને ધારાશિવ જેવા જિલ્લાઓ સહિત દૂરના અને વંચિત વિસ્તારોમાં શરૂ થશે. સરકારી સંસ્થાઓમાં મફત અથવા સબસિડીવાળા જોડાણો સ્થાપિત કરવામાં આવશે. ગ્રામીણ સમુદાયો અને શાળાઓ અને હોસ્પિટલો જેવા જાહેર માળખાને પ્રાથમિકતા. કોઈ કેબલ કે ટાવરની જરૂર નથી, ફક્ત એક નાનું ડીશ એન્ટેના. આ સેવા રાજ્યના ડિજિટલ મહારાષ્ટ્ર મિશનને ટેકો આપશે અને તેને EV ચાર્જિંગ, દરિયાકાંઠાના વિકાસ અને આપત્તિ સ્થિતિસ્થાપકતા કાર્યક્રમો સાથે પણ જોડવામાં આવશે.

# આધાર કાર્ડ ખોવાઈ ગયું છે અથવા નંબર ભૂલી ગયા છો:ઘરે બેઠા ફ્રીમાં ઓનલાઈન જાણકારી મળી જશે, અહીં જુઓ પ્રોસેસ

**નવી દિલ્હી, તા. 08**

આજના સમયમાં આધાર કાર્ડ એક યુનિક આઈડી બની ગયું છે. તેનો ઉપયોગ સરકારી અને બિન-સરકારી બાબતોથી લઈને બાળકના પ્રવેશ સુધીની દરેક બાબતમાં થાય છે. આધાર કાર્ડમાં એક યુનિક 12-અંકનો નંબર હોય છે, જે ફક્ત એક જ વાર જાહેર કરવામાં આવે છે. ઘણી વખત આધાર કાર્ડ ખોવાઈ જાય છે અથવા ભૂલી જાય છે. આવી પરિસ્થિતિઓમાં, લોકો બિનજરૂરી રીતે ચિંતામાં મુકાઈ જાય છે. જો કે, તમે આધાર નંબર વિના પણ તમારું ઈ-આધાર ડાઉનલોડ કરી શકો છો. તમે તમારા ઘરે બેઠા આ ઓનલાઈન કરી શકો છો. જે લોકોનો મોબાઈલ નંબર અથવા ઈમેઈલ આઈડી આધાર સાથે લિંક થયેલ છે તેઓ યુઆઈડીએઆઈ વેબસાઈટ પર ઉપલબ્ધ 'Retrieve Lost or Forgotten UID/EID' સુવિધા દ્વારા સરળતાથી તેમના આધાર વિગતો મેળવી શકે છે. UIDAI ની વેબસાઇટની મુલાકાત લો. અહીં My Aadhaar વિભાગમાં, 'Retrieve Lost or Forgotten UID/EID' પર ક્લિક કરો. અહીં કેપ્ચા કોડ સાથે તમારું પૂરું નામ,




મોબાઈલ નંબર અથવા ઈમેઈલ અને જન્મ તારીખ દાખલ કરો. પછી Send OTP પર ક્લિક કરો. OTP દાખલ કરો અને તેને સબમિટ કરો. આ પછી તમારી આધાર વિગતો તમારી સામે દેખાશે. આ ઉપરાંત તમારો આધાર નંબર તમારા મોબાઈલ નંબર પર પણ મોકલવામાં આવશે. જો તમારો મોબાઈલ નંબર આધાર સાથે લિંક થયેલ નથી, તો આધાર કેન્દ્રની મુલાકાત લો અને જાણો આવી સ્થિતિમાં, તમારે આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લેવાની જરૂર પડશે. ત્યારબાદ તમારે તમારો 28-અંકનો EID (નોંધણી ID) નંબર આપવો પડશે, જે તમે પહેલીવાર આધાર કાર્ડ બનાવતી વખતે આપ્યો હતો. ત્યારબાદ તમારે બાયોમેટ્રિક પ્રમાણીકરણ માટે તમારી ફિંગરપ્રિન્ટ અથવા આઈરિસ આપવાની જરૂર પડશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, તમને તમારો ઈ-આધાર પ્રાપ્ત થશે. જો કે, આ સેવા માટે તમારી પાસેથી 30 ફી વસૂલવામાં આવી શકે છે. પીવીસી આધાર કાર્ડ 50 રૂપિયામાં બનાવીને તમારા ઘરે પહોંચાડવામાં આવશે આધાર જારી કરતી સંસ્થા UIDAI, લોકોને PVC આધાર કાર્ડ ઓનલાઈન ઓર્ડર કરવાની મંજૂરી આપે છે. PVC આધાર કાર્ડ UIDAI ની સત્તાવાર વેબસાઈટ દ્વારા માત્ર 50 ની ફીમાં ઓર્ડર કરી શકાય છે. પોલીવિનાઈલ ક્લોરાઈડ કાર્ડ, જેને PVC કાર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક પ્રકારનું પ્લાસ્ટિક કાર્ડ છે જેના પર આધાર કાર્ડની માહિતી છાપેલી હોય છે. આ છે પીવીસી આધાર કાર્ડ બનાવવાની પ્રક્રિયા? આ માટે તમારે UIDAIની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વેબસાઈટ પર જાઈને આધાર નંબર અને કેપ્ચા કોડ ભરીને સેન્ડ OTP પર ક્લિક કરો. આ પછી, આપેલ ખાલી જગ્યામાં રજિસ્ટર્ડ મોબાઈલ પર પ્રાપ્ત OTP ભરો અને સબમિટ કરો.

# મસ્કે રોબોટ સાથે ડાન્સ કર્યો

## રોબોટ આર્મી બનાવશે, તેનાથી ગરીબી દૂર કરવાનો દાવો ; 1 ટ્રિલિયન ડોલરનું વેતન પેકેજ મંજૂર

### કંપનીનું માર્કેટ કેપ 8.5 ટ્રિલિયન ડોલર અથવા લગભગ 750 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું

**વોશિંગ્ટન ડીસી તા. 08**

ટેસ્લાના શેરહોલ્ડર્સે CEO ઈલોન મસ્કના અત્યાર સુધીના સૌથી મોટા પગાર પેકેજને શરતો સાથે મંજૂરી આપી છે. આ પેકેજ $1 ટ્રિલિયન (આશરે 83 લાખ કરોડ)નું છે. મસ્કના 15% શેરહોલ્ડર્સને બાદ કરતાં 75% થી વધુ શેરહોલ્ડર્સે 'હા' મત આપ્યો. આ પેકેજ હવે તેમને વિશ્વના પ્રથમ ટ્રિલિયનેર બનાવી શકે છે. પગાર પેકેજ મંજૂર થયા પછી, મસ્કે શેરહોલ્ડર્સનો આભાર માન્યો અને સ્ટેજ પર ડાન્સ પણ કર્યો. તેમણે કહ્યું, 'ટેસ્લા માટે આ કોઈ નવો અધ્યાય નથી, તે એક નવું પુસ્તક છે.' ઈલોન મસ્કનું ટ્રિલિયન ડોલરનું પેકેજ 2018માં મળેલા $56 બિલિયન કરતા લગભગ 16 ગણું મોટું છે. નવું પેકેજ 10 વર્ષ માટે છે. ઓપ્ટીમસ રોબોટ સેલફોન કરતાં પણ મોટું ઉત્પાદન હશે, રોબોટ્સ વિશે વાત કરતાં, મસ્કે કહ્યું, 'આ સૌથી મોટું ઉત્પાદન હશે, સેલ ફોન કરતાં પણ મોટું... દરેક વ્યક્તિ પોતાનો વ્યક્તિગત રોબોટ ઈચ્છશે.' ઓપ્ટીમસ એ ટેસ્લાનો હ્યુમનોઈડ રોબોટ છે, જેની જાહેરાત 2021માં કરવામાં આવી હતી અને 2022માં તેનો પહેલો પ્રોટોટાઈપ બતાવવામાં આવ્યો હતો. તેનો હેતુ ફેક્ટરીનું કામ, ઘરકામ અથવા અન્ય કામો કરવાનો છે જે માણસો કરવા માંગતા નથી. ટેસ્લાનું ધ્યાન હવે રોબોટ્સ અને ઓટોનોમસ કાર પર છે. ઓપ્ટીમસ રોબોટે ગરીબી નાબૂદ કરવાનો દાવો કર્યો, તાજેતરમાં, ટેસ્લાના ત્રિમાસિક કમાણીની જાહેરાત દરમિયાન, તેમણે દાવો કર્યો હતો કે તેમનો ઓપ્ટીમસ રોબોટ ગરીબી નાબૂદ કરવામાં મદદ કરી શકે છે. તેમણે કહ્યું, 'તે ગરીબી નાબૂદ કરવામાં અને દરેક માટે અદ્યતન આરોગ્યસંભાળ સરળતાથી સુલભ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.'

### મસ્કે ટેસ્લા, સ્પેસએક્સ અને ન્યુરાલિંક જેવી કંપનીઓ બનાવી

ટેસ્લા: ટેસ્લાની સ્થાપના 2003માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટાર્પેનિંગ દ્વારા કરવામાં આવી હતી. ઈલોન મસ્ક કંપનીના શરૂઆતના રોકાણકારોમાંના એક હતા અને ફેબ્રુઆરી 2004માં ટેસ્લામાં નોંધપાત્ર રોકાણ કર્યું હતું. ત્યાર બાદ મસ્ક ટેસ્લાના ચેરમેન અને પછી સીઈઓ બન્યા. ટેસ્લાનું મિશન ઈલેક્ટ્રિક વાહનોને જાહેર જનતા માટે સુલભ બનાવવાનું અને ટકાઉ ઊર્જાને પ્રોત્સાહન આપવાનું હતું.

### ઓપ્ટીમસ રોબોટ સેલફોન કરતાં પણ મોટું ઉત્પાદન હશે

રોબોટ્સ વિશે વાત કરતાં, મસ્કે કહ્યું, 'આ સૌથી મોટું ઉત્પાદન હશે, સેલ ફોન કરતાં પણ મોટું... દરેક વ્યક્તિ પોતાનો વ્યક્તિગત રોબોટ ઈચ્છશે.' ઓપ્ટીમસ એ ટેસ્લાનો હ્યુમનોઈડ રોબોટ છે, જેની જાહેરાત 2021માં કરવામાં આવી હતી અને 2022માં તેનો પહેલો પ્રોટોટાઈપ બતાવવામાં આવ્યો હતો. તેનો હેતુ ફેક્ટરીનું કામ, ઘરકામ અથવા અન્ય કામો કરવાનો છે જે માણસો કરવા માંગતા નથી. ટેસ્લાનું ધ્યાન હવે રોબોટ્સ અને ઓટોનોમસ કાર પર છે.





# ડાબરની ફરિયાદ પર દિલ્હી HCએ કહ્યું, પતંજલિએ ચ્યવનપ્રાશની અન્ય બ્રાન્ડ્સને ફ્રોડ ગણાવી

**નવી દિલ્હી, તા. 08**

પતંજલિ ફરી એકવાર તેની ચ્યવનપ્રાશ જાહેરાતને લઈને વિવાદમાં ફસાઈ ગઈ છે. હકીકતમાં કંપનીએ તેની ચ્યવનપ્રાશ જાહેરાતમાં અન્ય કંપનીઓની બ્રાન્ડ્સને 'બનાવટી' ગણાવી હતી. ડાબર ઈન્ડિયાએ પતંજલિ સામે માનહાનિ અને અન્યાયી સ્પર્ધાનો દાવો દાખલ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે (6 નવેમ્બર) આ કેસની સુનાવણી કરી. જસ્ટિસ તેજસ કારિયાએ ચુકાદો આપ્યો કે જાહેરાતમાં અન્ય બ્રાન્ડ્સ સામે 'છેતરપિંડી' શબ્દનો ઉપયોગ ખોટો હતો, કારણ કે તે નકારાત્મક અને અપમાનજનક હતો. કોર્ટે જાહેરાત પર વચગાળાનો સ્ટે આપવો કે નહીં તે અંગેનો નિર્ણય અનામત રાખ્યો. કોર્ટે કહ્યું- તમે ચ્યવનપ્રાશને છેતરપિંડી કેવી રીતે કહી શકો? ન્યાયાધીશ તેજસ કારિયાની આગેવાની હેઠળની બેન્ચે પતંજલિના વરિષ્ઠ વકીલ રાજીવ નાયરને સવાલ કર્યો. કોર્ટે કહ્યું, 'ઈન્ફિરિયર' શબ્દનો ઉપયોગ કરી લો, તેમાં શું સમસ્યા છે? તે જાહેરાતના મુદ્દાને પણ સંબોધતો નથી. તમે કહો છો કે બધા ફ્રોડ અને હું જ સાચો છું. તમે બીજા બધા ચ્યવનપ્રાશને ફ્રોડ કેવી રીતે કહી શકો? ઓછી ગુણવત્તાવાળો કહી શકો, પણ ફ્રોડ તો ના કહો... શું તમને શબ્દકોશમાં ફ્રોડ સિવાય બીજો કોઈ શબ્દ નથી મળતો? પતંજલિ જાહેરાત: ચ્યવનપ્રાશના નામે લોકોને છેતરવામાં આવી રહ્યા છે, પતંજલિની નવી 'પતંજલિ સ્પેશિયલ ચ્યવનપ્રાશ' જાહેરાતમાં બાબા રામદેવ કહેતા જોવા મળે છે કે મોટાભાગના લોકો ચ્યવનપ્રાશના નામે છેતરાઈ રહ્યા છે.

# બેંક લોન ફ્રોડ કેસમાં અનિલ અંબાણીને EDનું સમન્સ : 14 નવેમ્બરે પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા

**મુંબઈ, તા. 08**

રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ફરીથી સમન્સ પાઠવવામાં આવ્યા છે. PTI અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અનિલ અંબાણીને 14 નવેમ્બરે પૂછપરછ માટે હાજર રહેવા કહ્યું છે. ED મની લોન્ડરિંગ અને બેંક લોન છેતરપિંડીના કેસની તપાસ કરી રહી છે. 7500 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત અગાઉ, 3 નવેમ્બરના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ નવી મુંબઈમાં ધીરુભાઈ અંબાણી નોલેજ સિટી (DAKC)માં સ્થિત અનિલ



અંબાણીના રિલાયન્સ ગ્રુપની 132 એકર જમીન જપ્ત કરી હતી, જેની કિંમત 4,462.81 કરોડ હતી. આ ઉપરાંત, જૂથની 40થી વધુ મિલકતો પણ જપ્ત કરવામાં આવી હતી. આ મિલકતોમાં અનિલ અંબાણીનું પાલી હિલ સ્થિત ઘર પણ શામેલ છે. જપ્ત કરાયેલી મિલકતોની કુલ કિંમત 3,084 કરોડ આંકવામાં આવી હતી. આનો અર્થ એ થયો કે અનિલ ધીરુભાઈ અંબાણી જૂથની 7,500 કરોડની મિલકતો અત્યાર સુધીમાં જપ્ત કરવામાં આવી છે. અનિલ અંબાણીનું પાલી હિલ ઘર 16,000 ચોરસ ફૂટમાં બનેલું છે.

# EPF ટ્રાન્સફર હવે ઓટોમેટિક થશે : નોકરી બદલતા જ 2-3 દિવસમાં PF બેલેન્સ નવા એકાઉન્ટમાં આવી જશે

**મુંબઈ, તા. 08**

નોકરી બદલતા હવે ફોર્મ ભરવાની કે EPF ટ્રાન્સફરની રાહ જોવાની જરૂર નથી. EPFO એ હવે ઓટોમેટિક ટ્રાન્સફર સિસ્ટમ લાગુ કરી છે, જે 2025 સુધીમાં સંપૂર્ણપણે લાગુ કરવામાં આવશે. આનાથી લાખો કર્મચારીઓના PF બેલેન્સ તેમના નવા એમ્પ્લોયરના એકાઉન્ટમાં આપમેળે ટ્રાન્સફર થઈ જશે. જૂની પદ્ધતિ: ટ્રાન્સફરમાં મહિનાઓ લાગતા હતા,પહેલાં, કર્મચારીઓને નોકરી બદલતી વખતે ફોર્મ 13 ભરવું પડતું હતું. પછી, જૂના અને નવા બંને એમ્પ્લોયર પાસેથી વેરિફિકેશન કરાવવું પડતું હતું. આમાં એક થી બે મહિનાનો સમય લાગતો હતો.




દાવાઓ ઘણીવાર નકારવામાં આવતા હતા અથવા વ્યાજનું નુકશાન થતું હતું. EPFO ના ડેટા અનુસાર, દર વર્ષે લાખો દાવાઓ પેન્ડિંગ રહે છે. હવે, નવા નિયમો આ બધી સમસ્યાઓને દૂર કરશે. નવી સિસ્ટમ કેવી રીતે કાર્ય કરશે, જ્યારે કર્મચારી નવી નોકરીમાં જોડાય છે, ત્યારે નવા એમ્પ્લોયર UAN ને લિંક કરશે. EPFO પોર્ટલ પર આધાર અને KYC દ્વારા ઓટો વેરિફિકેશન થશે. જૂનું પી એફ બેલેન્સ સીધું નવા ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. કોઈ પેપર વર્ક નહીં, ટ્રાન્સફર 3 થી 5 દિવસમાં પૂર્ણ થશે. મુખ્ય શરત: UAN એક્ટિવેટ અને આધાર સાથે લિંક થયેલ હોવું જોઈએ. કર્મચારીઓને મળશે 5 મોટા લાભો, સમય બચત: મહિનાઓને બદલે દિવસોમાં ટ્રાન્સફર. કોઈ દસ્તાવેજ અપલોડ નહીં, ઓટો પ્રોસેસિંગ. વ્યાજ ચાલુ રહેશે, કોઈ નુકસાન થશે નહીં. નિવૃત્તિ સમયે આખી રકમ એક જ જગ્યાએ મળશે. જોબ સ્વિચિંગ સરળ છે, ખાસ કરીને પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા લોકો માટે. ડિજિટલ ઈન્ડિયાની દિશામાં પગલું: EPFO EPFO કહે છે કે આનાથી 10 કરોડથી વધુ સભ્યોને ફાયદો થશે.

## ભાઈ પરિવારનું ધ્યાન રાખજે-હિંમત આપજે...:

# 1 કરોડ વ્યાજે લેનાર યુવક પાસે 10 કરોડની ઉઘરાણી થતાં ચીઠ્ઠી લખી ઘરબાર છોડ્યાં, વ્યાજખોરોએ તલાટી મંત્રીના હાથપગ ભાંગી નાખ્યા

- ભાઈને ગુમ કર્યો હોવાનું કહી તલાટીમંત્રી પર હુમલો કરાયો
- એક કરોડ રૂપિયા લીધા છે જેનું તે 40 ટકા વ્યાજ વસૂલતો હતો
- હું ઘર છોડીને જાવ છું, વ્યાજવાળા લોકો મને જીવવા નહીં દે


તસ્વીર પ્રતિકાત્મક છે

**રાજકોટ, તા.08**

રાજકોટ શહેરમાં ફરીએકવાર વ્યાજખોરોના ત્રાસનો મામલો સામે આવ્યો છે. એક યુવકે વ્યાજે લીધેલા 1 કરોડની સામે વ્યાજખોરો દ્વારા 10 કરોડની ઉઘરાણી કરાતા યુવકે ચીઠ્ઠી લખી ઘરબાર છોડી દીધાનું સામે આવ્યું છે. તો બીજી તરફ વ્યાજખોર અને તેના માણસો દ્વારા વ્યાજે રૂપિયા લેનાર યુવકના તલાટીમંત્રી ભાઈ પર હુમલો કરાતા ચકચાર મચી છે. તો બીજી તરફ જેની સામે આરોપ લગાવવામાં આવ્યો છે તે પૈકીના એક આરોપી ભાવેશ મકવાણાએ વીડિયોના માધ્યમથી પોતે નિર્દોષ હોવાનું કહી પોલીસને યોગ્ય તપાસ કરવાની માગ કરી છે.

આ સમગ્ર મામલે વ્યાજની ઉઘરાણી મામલે વિજય અને ભાવેશ મકવાણા સામે વ્યાજખોરીની એક પોલીસ ફરિયાદ અને દિલીપ વીરડાને માર મારવા મામલે વિજય અને અજાણ્યા શખસો સામે બીજી ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વિશાલ વીરડા નામનો યુવક ચીઠ્ઠી લખી ઘરેથી ગુમ થયો

રાજકોટમાં રહેતો વિશાલ વીરડા નામનો એક યુવક વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી પોતાના ઘરબાર છોડી દીધું હોવાનું સામે આવ્યું છે. વિશાલ વિરડાએ ઘર છોડતા સમયે એક ચીઠ્ઠી લખી છે. જેમાં લખ્યું છે કે, હું ઘર છોડીને જાવ છું, વ્યાજવાળા લોકો મને જીવવા નહીં દે. ભાઈ-ભાભી, બાપુ અને પરિવારના સંતાનોનું ધ્યાન રાખજો. મેં વિજય મકવાણા પાસેથી અને અન્ય લોકો પાસેથી પણ

### મિત્રતાના નામે વિશાલે મારી સાથે ઠગાઈ કરી- ભાવેશ મકવાણા

બીજું બાજુ ભાવેશ મકવાણાએ વીડિયો જાહેર કરી જણાવ્યું હતું કે, હું એક સિંગર છું. વિશાલ વીરડા મારો નાનપણનો ખુબ સારો મિત્ર છે. મેં કોઈ પઠાણી ઉઘરાણી કરી નથી. વિશાલ વીરડાએ મને જુદા જુદા બહાના આપી મારી પાસેથી અને મારા મોટા ભાઈ વિજય મકવાણા પાસેથી રૂપિયા લીધેલા છે.

### વિશાલ વીરડા નામનો યુવક ચીઠ્ઠી લખી ઘરેથી ગુમ થયો

રાજકોટમાં રહેતો વિશાલ વીરડા નામનો એક યુવક વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી પોતાના ઘરબાર છોડી દીધું હોવાનું સામે આવ્યું છે. વિશાલ વિરડાએ ઘર છોડતા સમયે એક ચીઠ્ઠી લખી છે. જેમાં લખ્યું છે કે, હું ઘર છોડીને જાવ છું, વ્યાજવાળા લોકો મને જીવવા નહીં દે.

**વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવામાં આવે:** ચીઠ્ઠી લખી ઘર છોડી દેનાર વિશાલ વીરડાના પિતા વિનુભાઈ વીરડાએ કહ્યું હતું કે, મારા પુત્રને વ્યાજના ચક્કરમાં ફસાવી દેવામાં આવતા તેને ઘર છોડી દીધું છે.

# બંધ ટ્રકમાં કાર ઘૂસી જતાં યુવકનું મોત, 2 યુવતીને ઈજા

## અમદાવાદના SG હાઈવે પરના અંડરબ્રિજમાં વહેલી સવારે અકસ્માત

### પોલીસ તપાસમાં સામે આવ્યું કે કારચાલકનું નામ આર્યન બત્રા છે અને તે આંબલી પાસે આવેલા આર્યન ઓપ્યુલ્સન ફ્લેટમાં રહે છે.



**અમદાવાદ, તા.08**

આજે વહેલી સવારે અમદાવાદના થલતેજ અંડરબ્રિજ પર કાર અને ટ્રકનો અકસ્માત થતાં એક યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે કારમાં સવાર અન્ય બે યુવતીને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાઈ છે. એક યુવક પોતાની કિયા સેલ્ટોસ કાર લઈને પૂરઝડપે આવી રહ્યો હતો, ત્યારે બંધ પડેલી ટ્રકના પાછળના ભાગે તેની ટક્કર થતાં કારચાલક યુવકનું કરુણ મોત થયું હતું. આ મામલે એસ. જી. 1 ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પૂરપાટ આવતા કારચાલકને બંધ પડેલી ટ્રક ન દેખાઈ

8 નવેમ્બરે સવારે 5 વાગ્યે એસ. જી. હાઈવે પરના ગુરુદ્વારા પાસેના અંડરબ્રિજમાં એક આઈસર ટ્રક પસાર થતા સમયે બંધ પડી ગઈ હતી. આ દરમિયાન થલતેજથી ઈસ્કોન તરફ કાળા કલરની કિયા સેલ્ટોસ કાર પૂરઝડપે જઈ રહી હતી. કારની સ્પીડ એટલી હતી કે અંડરબ્રિજમાં બંધ પડેલી આઈસર ટ્રક કારચાલકને દેખાઈ નહીં અને પાછળથી ટક્કર મારી દીધી હતી. ધાડાકાભેડ કાર ટ્રકમાં અથડાવતાં કારચાલક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે તેની સાથે બેઠેલી બે યુવતી પણ ઈજાગ્રસ્ત થઈ હતી.

જોરદાર ટક્કરથી યુવક-યુવતીઓને ઈજા પહોંચી

આ અકસ્માત થતાંની સાથે જ આઈસર ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હતો, જ્યારે ઈજાગ્રસ્ત યુવક અને યુવતીઓને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતાં. ઘટનાની જાણ ટ્રાફિક-પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોચ્યા હતા.

યુવકનું સારવાર દરમિયાન મોત

પોલીસ તપાસમાં સામે આવ્યું કે કારચાલકનું નામ આર્યન બત્રા છે અને તે આંબલી પાસે આવેલા આર્યન ઓપ્યુલ્સન ફ્લેટમાં રહે છે. અકસ્માતના કારણે આર્યનને શરીર પણ ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું સારવાર દરમિયાન મોત થયું છે. આર્યનની સાથે તેની બે મહિલા મિત્ર પણ હતી, જેમને શરીર પર ઈજા પહોચતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. બન્ને યુવતી નવરંગપુરાના પીજી હોસ્ટેલમાં રહે છે. યંગસ્ટર કઈ જગ્યાએથી આવી રહ્યા હતા, તે દિશામાં તપાસ શરૂ

આ મામલે ટ્રાફિકના ડીસીપી ભાવના પટેલે જણાવ્યુ કે, આંબલી ખાતે રહેતો આર્યન અને પીજી હોસ્ટેલમાં રહેતી બન્ને યુવતીઓ કયાથી આવી રહ્યા હતા, તે દિશામાં ટ્રાફિક પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વહેલી પરોઢે યંગસ્ટ એસજી હાઈવેથી કઈ જગ્યાએ જઈ રહ્યા હતા, તે દિશામાં પણ તપાસ ચાલુ છે. યુવતીઓ હાલ સ્ટેબલ છે અને તેમના નિવેદન નોંધીને તપાસ શરૂ કરાશે.

પોલીસ તપાસ ચાલુ હોવાના કારણ હજુ આઈસર ટ્રક અને કાર ઘટનાસ્થળે પડી છે, જેના કારણે ગોતાથી આવતા વાહનચાલકોને ટ્રાફિકનો સામનો કરવો પડી રહ્યો છે. આ સિવાય કેટલાક વાહનચાલકો અકસ્માતની ઘટનાના ફોટોગ્રાફ્સ અને વીડિયો ઉતારી રહ્યા હતા, જેના કારણે ટ્રાફિકજામની સમસ્યા પણ સર્જાઈ. થલતેજથી વૈષ્ણવદેવી સુધી 29 કેમેરા લાગવેલા છે, જેમાં 8 કેમેરા નેશનલ હાઈવે ઓથોરેટીએ લગાવેલા છે.

# સરસપુરમાં જૂની અદાવતમાં પથ્થરમારો, બે જૂથ સામસામે આવ્યા ને વાહનોમાં તોડફોડ કરી


**અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ 21 નવેમ્બર, પેન્શન સંબંધિત પ્રશ્નો-ફરિયાદોના ઝડપી નિકાલ માટે આયોજન**

**અમદાવાદ, તા.08**

અમદાવાદના સરસપુરમાં ગત રાતે બે સમાજના લોકો લાકડીઓ લઈને આમને સામને આવી ગયા હતા.બંને પક્ષના લોકો એટલી હદે ઉશ્કેરાઇ ગયા હતા કે સામાન્ય તકરાર પથ્થરમારામાં પરિણમી હતી. મોટી સંખ્યામાં ટોળાએ સામસામો પથ્થરમારો કરી ત્યાં વાહનોમાં તોડફોડ કરી હતી. જોકે પોલીસે પહોંચીને પરિસ્થિતિ કાબૂમાં લઈને પાંચ આરોપીને ઝડપી લીધા હતા. અગાઉ નવરાત્રિમાં થયેલા ઝઘડાની અદાવતમાં મારામારી થઈ હોવાનું સામે આવ્યું છે. સરસપુરમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો

અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલરૂમને ગત શુક્રવારે રાત્રે સરસપુર બોરડીવટનગર પાસેના બળિયાદેવ મંદિર પાસે પથ્થરમારો થતાં મોટી સંખ્યામાં ટોળા ભેગા થયાનો મેસેજ મળ્યો હતો. શહેરકોટડા પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સરસપુર બોરડીવટનગર નજીકના બળિયાદેવ મંદિર પાસે 35થી વધુ લોકોનું ટોળુ એકત્રિત થઈને હાથમાં લાકડીઓ સાથે પથ્થરમારો કરતુ હતું. પોલીસે મામલો હાથમાં લઈને વધુ ફોર્સ બોલાવી હતી.વાહનોમાં તોડફોડ, પાંચ આરોપીને ઝડપાયા.

# મહિલા દોષિતને 11 વર્ષે રેગ્યુલર જામીન મળ્યા : પરિણીત મહિલાને પ્રેમી જોડે રહેવા જવામાં પોતાના 2 બાળકો નડતા



**જામનગ, તા.08**

જામનગરની સેશન્સ કોર્ટે વર્ષ 2018માં એક મહિલા આરોપી અને તેના પ્રેમી પુરુષ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. જેમાં મહિલા આરોપીએ વર્ષ 2018માં તેની સામે હાઈકોર્ટમાં દાખલ કરેલી અપીલમાં રેગ્યુલર જામીન અરજી મંજૂર થતા 11 વર્ષ બાદ તેને જેલમાંથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવામાં આવશે.

જામનગરની સેશન્સ કોર્ટે આરોપીઓને આજીવન સજા ફટકારી હતી

કેસની વિગતો જોતા પરિણીત મહિલા આરોપીને 5 વર્ષ અને 2 વર્ષના એમ બે પુત્રો હતા. જેને અન્ય એક પુરુષ સાથે પ્રેમ થઈ ગયો હતો, તે પુરુષ પણ પરિણીત હતો. મહિલાના પ્રેમીએ તેને બંને બાળકો સાથે રાજકોટ આવવા કહ્યું હતું. બંનેને સાથે રહેવામાં મહિલાના બાળકો નડતા હોવાથી તેમને મારવાનો પ્લાન ઘડવામાં આવ્યો હતો. જે મુજબ બાધલા ગામના વાડી વિસ્તારમાં આવેલ કુવામાં બંનેએ ભેગા મળીને મહિલાના પતિના બંને બાળકોને નાખી દીધા હતા. જે સંદર્ભે બાળકોના પિતાએ લાલપુર પોલીસ મથકે વર્ષ 2014માં ગુનો નોંધાવ્યો હતો અને કેસ જામનગર સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. જામનગરની સેશન્સ કોર્ટે 31 સાહેદ અને 22 પુરાવાને આધારે આરોપીઓને આજીવન સજા ફટકારી હતી.

સહ આરોપી રમેશ અગાઉ મહિલાનો પાડોશી હતો

પોલીસને બનાવની જગ્યાએથી બીડીના ઠુંઠા મળ્યા હતા. જેને FSL તપાસમાં મોકલવામાં આવતા, તેની ઉપર આરોપી મહિલાના પ્રેમી એવા સહ આરોપી રમેશની લાળ મળી આવી હતી. મહિલા ઘરેથી તેના પતિને લોનનો હપ્તો ભરવાનું કહીને બે બાળકોને લઈને નીકળી ગઈ હતી. સહ આરોપી રમેશ અગાઉ મહિલાનો પાડોશી હતો. વળી જે જગ્યાએ બનાવ બન્યો ત્યાં મહિલા શા માટે ગઈ હતી તે પણ પ્રશ્ન સર્જાયો હતો, કારણ કે તે ગામમાં મહિલાના કોઈ પરિચિત રહેતા નહોતા.

કોર્ટને પુરાવા અને સાહેદો સુસંગત લાગતા બંનેને સજા ફટકારી હતી

વળી પોતાના ઓળખીતાઓ અને સંબંધીઓને આરોપીઓ એકબીજાને ભાઈ-બહેન કહેતા ફરતા હતા. ઘટના બન્યા બાદ આરોપીઓએ પોતાના સંબંધીઓને પણ ફોન કર્યા હતા. પુરુષ આરોપીને પણ એક દીકરો હતો. તેને પોતાની પહેલી પત્ની પાસેથી છૂટાછેડા લીધા હતા. વળી મહિલા પોતાના પ્રેમીથી ગર્ભવતી થઈ હોવાની વાત પણ પુરુષ પ્રેમીએ તેના કોઈ સગાને કરી હતી. જામનગર સેશન્સ કોર્ટને પુરાવા અને સાહેદો સુસંગત લાગતા બંનેને આજીવન કેદની સજા ફટકારી હતી.

# હાઈકોર્ટે ગોધરા ફાસ્ટટ્રેક કોર્ટના ચુકાદાનો યોગ્ય ઠેરવ્યો : 2002 રમખાણોના એક કેસમાં ગોધરા કોર્ટે ત્રણ આરોપીઓને નિર્દોષ છોડ્યા'તા



**ગોધરા, તા.08**

ગોધરા ફાસ્ટ ટ્રેક સેશન્સ કોર્ટે વર્ષ 2003માં અપાયેલા ચુકાદામાં નિર્દોષ છૂટેલા ત્રણ વ્યક્તિઓ જગદીશ ત્રિવેદી, રમેશ ડામોર અને મોહન પંચાલ સામે ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ 2004માં રાજ્ય સરકાર દ્વારા અપીલ દાખલ કરવામાં આવી હતી. જો કે હાઈકોર્ટે સરકારની અપીલ નકારીને ત્રણેય વ્યક્તિઓને નિર્દોષ છોડ્યા છે અને ફાસ્ટ ટ્રેક કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે.

2002માં ખાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાનો મામલો

કેસને વિગતે જોતા વર્ષ 2002ના ગુજરાત રમખાણો દરમિયાન ફરિયાદી આરજુબેન શેખે ખાનપુર પોલીસ મથક ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જે ગામમાં રહેતા હતા તે ગામના ભરવાડ સમાજ દ્વારા મુસ્લિમોને જાણ કરાઈ હતી કે તેમની ઉપર હુમલો થવાની શક્યતા છે. તેથી તેઓએ પોતાના સગાઓ સાથે ગામ છોડીને સુરક્ષિત સ્થળે જતા રહેવું જોઈએ. આથી ફરિયાદી પોતાના પરિવાર અને ગામના 30 થી 35 પરિવારો કરાતાં ગામ જવા નીકળ્યા હતા. જેમાં એક ટેમ્પોમાં 40 જેટલા લઘુમતી સમુદાયના લોકો હતા. ટેમ્પો જ્યારે કરાંતા જતા લીંબડીયા ચાર રસ્તાથી ડાબી તરફ વળ્યો, ત્યારે તે તૂટી ગયો હતો. આ દરમિયાન 100 જેટલા લોકોનું ટોળું મારો કાપો કરતું ટેમ્પો ઉપર હુમલો કરવા આવ્યું હતું. જેથી ટેમ્પોમાંથી બધા કૂદીને દોડવા લાગ્યા હતા. જેમાંથી ચારથી પાંચ લોકો ફરિયાદી મહિલાની પાછળ પણ પડ્યા જેઓએ ફરિયાદીને હાથમાં તલવારોના ઘા માર્યા હતા.

# RSS નું શતાબ્દી વર્ષ નિમિત્તે સંઘની શતાબ્દી યાત્રાનું આયોજન : 11 નવેમ્બરે મુખ્યમંત્રી ઉદ્ઘાટન કરશે

**ગાંધીનગર, તા.08**

ભારતીય વિચાર મંચ અને ભારત શોધ સંસ્થાન દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે સંઘની શતાબ્દી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ વિષય પર વિશેષ વ્યાખ્યાનમાળા, પ્રદર્શની તથા મલ્ટીમીડિયા શૉનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ 11થી 14 નવેમ્બર 2025 દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પ્રથમ દિવસે ઉદ્ઘાટન અને લોકાર્પણ કરાશે.

બ્રિટિશ હાઈ કમિશને પણ આમંત્રણ સ્વીકાર્યું

3 દિવસના કાર્યક્રમમાં સંઘના વરિષ્ઠ વિચારકો, પ્રજ્ઞા પ્રવાહ અને ભારતીય વિચાર મંચના પ્રતિનિધિઓ તેમજ વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ અને સમાજના પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બ્રિટિશ હાઈ કમિશને પણ આમંત્રણ સ્વીકાર્યું છે.

વ્યાખ્યાનમાળા, પ્રદર્શની અને મલ્ટીમીડિયા શો યોજાશે

ત્રણ દિવસ દરમિયાન વ્યાખ્યાનમાળા, પ્રદર્શની અને મલ્ટીમીડિયા શો યોજાશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

